कमळा दुःखदर्शक

ત્રીઅંકી.

नाटक.

બનાવનાર.

ઠકર ત્રીકમજી વિઠલદાસ. માવાણી

ખુશ્કી જકાતના હેડકલાર્ક.

તથા

ખુરેસી રેહેમાન રાયમલ.

ભાવનગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ મોતીલાલ નાથાભાઈ.

ભાવનગર.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની ખડકીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રીંટીંગ પ્રેસ"માં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૫૦

સને ૧૮૯૧ સંવત ૧૯૪૭.

કીંમત રૂ૦-૫-૦

कमळा दुःखदर्शक

ત્રીઅંકી.

नाटक.

—:*:—

બનાવનાર.
ઠકર ત્રીકમજી વિઠલદાસ. માવાણી
ખુસ્કી જકાતના હેડકલાર્ક.
તથા
ખુરેસી રેહેમાન રાયમલ.
ભાવનગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
પટેલ મોતીલાલ નાથાભાઈ.
ભાવનગર.

અમદાવાદ.
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રીટીંગ પ્રેસ"માં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.
આવૃતિ ૧ લી.—પ્રત ૧૦૦૦

સને ૧૮૯૧ સંવત ૧૯૪૭,
કીંમત રૂ૦-૫-૦

આ નાટક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે સરકારમાં નોંધાવી રજીસ્ટર કરાવ્યું છે માટે બનાવનારની પરવાનગી સીવાય કોઈએ આ નાટક કે તેમાંનો કોઈ પણ ભાગ છપાવવો નહીં. અગર છાપવું નહીં તેમજ અમારી રજા સીવાય કોઈ પણ નાટક કંપનીએ રંગભૂમી ઉપર ભજવી બતાવવો નહીં અગર જે નાટક કંપનીને ખાસ ભજવવાની ઉમેદ હોય તેણે અમોને રૂબરૂ મળવાથી અથવા પત્રદ્વારાથી ખુલાસો આપવામાં આવશે.

લી૦ ઠકર ત્રીકમજી વિઠલદાસ માવાણી.

ઠેકાણું ખુસ્કી જકાતની ઓફીસમાં અગર
હીરાશેરીમાં બાવાજી કલ્યાણદાસના ડેલામાં.

મુ. ભાવનગર.

अर्पणपत्रिका.

રા. મગનલાલ જેચંદ મેહેરબાન,

આપે મુને મીત્ર જાણી આ લઘુ ગ્રંથમાં
પુર્ણ સહાયતા આપી છે. તેથી
આપ સાહેબનો અતીશે આભાર
માનુ છુ. તેમજ મારી
તરફ઼ ઘણી પ્રીતી ભાવ-
થી વરતો છો તેની
યાદગીરી માટે આ
ગ્રંથ આપને અ
ર્પણ કરૂ છું
તે સ્વી-
કાર
શો

આપનો મીત્ર

ઠકર૦ ત્રીકમજી વિઠલદાસ
મુ. ભાવનગર.

પ્રસ્તાવના.

આર્ય સદગૃહસ્થો? હાલની નાટક મંડળીના ખેલો જોઇ ને તે માંહેલા ગાયનો ગાવાથી અતીસે પ્યાર ઉપજે છે. તેથી કરી હાલમાં નાટક સીવાય અન્ય પુસ્તકો ભાગ્યેજ કોઇ બાહાર પાડે છે, તો મેં મારી અલ્પ શક્તિથી તેમજ પીંગળ, યાને બ્યાકરણના અભ્યાસ વીના મારી ફુરસદની વખતે મન કલ્પનાથી આ "કમળા દુઃખદર્શક નાટક" એ નામનું લઘુ પુસ્તક રચીને આર્ય ભાઈઓની સેવામાં હાજર કરૂં છું તો તે માંહે ગદ્યમાં, યાને પદ્યમાં, કેટલીએક ખામી દ્રષ્ટિએ પડે તો સુજ્ઞ વાંચનારા મુને ક્ષમા કરી, આપ સાહેબો સુધારી વાંચશો. એવી મારી નમ્રતા વીનતી છે.

પ્રીય મીત્ર શા. દુલભજી કુબેરદાસ.

આપ સાહેબે આ નાટકમાં તન મન ધનથી મુને આશ્રય આપ્યો છે. માટે આપનો ઘણો આભાર માનુંછું.

લી૦ ગ્રંથકર્ત્તા.

कमळा दुःखदर्शक

ત્રીઅંકી

नाटक.

પાત્રો.

સુત્રધાર..નાટકાચાર્ય
નટી..તેની સ્ત્રી.
વિદુષક...મશ્કરો.
માણેકચંદ.............................કનકનગરનો વેપારી
જડાઉ...તેની સ્ત્રી.
કસ્તુરચંદ...તેનો પુત્ર.
નેમચંદ................................માણેકચંદનો મેહેતો.
મોહન................................કસ્તુરચંદનો મીત્ર.
ગંડુરામ...............................માણેકચંદનો ગોર.
પ્રેમગવરી..............................ગંડુરામની સ્ત્રી.
ધિરસિંહ.................................ધારાવંટીનો રાજા.
રતનચંદ................................ તે શેહેરનો નગરશેઠ.
પ્રેમકુંવર.................................રતનચંદની સ્ત્રી.
કમળા....................તેની પુત્રી (કસ્તુરચંદની સ્ત્રી).
ગુલાબ }
જમના }......................................કમળાની સખીઓ.
અજ્ઞાનસિંહ..........................અન્યાયપુરનો રાજા.

તે સીવાય પ્રધાન, સેનાધિપતી, પ્રતિહાર, શીકારીઓ, ખેડુતો, ગણીકા, ઈત્યાદી વગેરે.

कमळा दुःखदर्शक

नाटक.

સ્થળ રંગ ભૂમી.

સૂત્રધાર—(બે હાથ જોડીને) અહો ! આર્ય બંધુંઓ ! આ સમયે આપ બિરાજેલા જોઈ મને એટલી ખુશી પ્રાપ્ત થાય છે. કે આ વખતે તેનું વર્ણન કરી શકતો નથી, આર્યબંધુઓ ! આપ સુજ્ઞજનો સમક્ષ આ રંગભુમી ઉપર કમળા દુઃખદર્શક નાટક ભજવી બતાવવા મારો મુખ્ય હેતુ છે, દોષ ક્ષમા કરી એકાગ્રહ ચીતે શ્રવણ કરવા વિનંતી કરૂં છુ. (પડદા તરફ નજર કરીને) ઓ પ્રાણેશ્વરી ! અહીં આવ? આ સુજ્ઞજનો તારૂં મધુર ગાયન સાંભળવા આતુર થઈ રહ્યા છે, માટે જલદી બાહાર આવ? (વિદૂષક ને પથ્યમાં) આવીઓ પાણુકયાસર આવી ! ! ! (પ્રવેશ કરીને) કેમ અલ્યા બ્રાહ્મણાં ? બુમ શેની પાડે છે ? ?

સૂત્રધાર—અરે જંગલી ? હું મારી પ્રીયાને બોલાવું છું, પણ તું કોની રજાથી આ રંગભુમી ઉપર આવ્યો?

વિદૂષક—કાન છતા બેહેરો શા માટે થાછો ? બસ આટલીવારમાં ભુલી ગયો ? ? તારા નામની કંકોત્રી શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ ચોડી છે, તેમ છતાં બજારમાં હાટે હાટે આપી, વળી ગાડીગાં બેસી, ત્રાંસા વગાડતો નીકળ્યો, મેં જાણ્યું કે આણે કાંઈ કામ આરંભ્યું છે, પણ થોડી વા-

રમાં જોઉં છુ તો માણુસનાં ટોળે ટોળાં જતાં દીઠાં, તેની વાંસે વાંસે હું પણ આવ્યો, માટે બોલ જમવાને હવે કેટલીવાર છે ?

સૂત્રધાર—અરે જંગલી ? અહીયાં કાંઇ જમવાનુ નથી, પણ તું આવ્યો તે ઠીક થયું, કેમ જે આ ઠેકાણે કમળા દુ:ખદર્શક નાટક ભજવવો છે, તો તારા જેવા વિચિત્ર માણુસની ખામી હતી, તે ઈશ્વરે પુરી પાડી, માટે આજની રાત અહીંઆં રહી મારૂં કામ સિદ્ધ કરીશ, તો હું તને રાજી કરીશ.

વિદૂષક—તું શું રાજી કરીશ? તારા દેદાર કહેતા નથી ! આંખમાં ચરમા ઘાલી, વળી લાંબા હાથ કરીને કેવો બધાને સમજાવે છે, પણ આ બંદો તારાથી ફોસલાય તેમ નથી, જો મારો ખપ હોય, તો મારા પગારનું નક્કી કર? પછી જો તારૂ સર્વે કામ કેવું સિદ્ધ થાય છે.

સૂત્રધાર—બોલ ? ત્યારે શું પગાર લઈશ ?

વિદૂષક—ખરે ખરૂં કહું તો સાંભળ ત્યારે ? રોજનું રોકુ (પોકુ) અને મહીનાની ઈંટ, તારે આપવાની ખુશી હોય તો રાખજે?

સૂત્રધાર—વાહરે ! વાહ ! ! પગાર તો બહુ મજાનો કહ્યો.

વિદૂષક—શું? સમજ્યો? હરખાઇ જાતો નહીં? રોજનું રોકુ ને મહીનાની ઇટ તે શું સમજ્યો? લે હવે ખુલ્લું કેહેવું પડશે. ધુડખુડની ઇટ સમજતો નહીં? હું તો સોનાની ઈંટ લેવાનો છું બોલ? ખુશી છે? નહી તો આ ચાલ્યો.

સૂત્રધાર—વારૂ બાઈ ! આપવા ખુશી છુ પણ કામ બરાબર કરવું પડશે.

વિદૂષક—તેમાં ભુલ પડે, તો તારૂં મોઢું ને મારૂં ખાસડું.
(એટલામાં નટી આવે છે)

નટી—પ્રાણનાથ શી આજ્ઞા?

સૂત્રધાર—પ્રીયા ! સર્વ પાત્ર તૈયાર થાય તેટલામાં આ સભાજન પ્રત્યે એક સુંદર ગાયન ગાઇ સંભળાવ?

નટી—આજ્ઞા માહારાજ !

(દંપીતીના સ્નેહે કેરી અજબ—એ રાગ.)

પ્રીયપતિ આ ગૃહસ્થો જોઈ, હું ખુશી થઈ;
હું ખુશી થઇ, ઉર આનંદ પ્રગટી રઈ. ટેક.
નવીન ખેલ ભજવી નાથ, રીજવો આર્યમંન;
કરી છે કૃપા આર્ય ભાઈએ, દઈ દરશન. પ્રીય૦
નિહાળે ખેલ આજ પતિ, સૌ ચીત દઈ;
પધાર્યં સર્વ સુજ્ઞ જન, તસ્દી તો લઈ. પ્રીય૦

સ્વામિનાથ! વખત ઘણોજ થયો છે, તેથી ખેલ શરૂ કરીએ.

સૂત્રધાર—પ્રીયા ! ચાલો ત્યારે ! ! (તેના ગયા બાદ સર્વેપાત્રો.

સર્વપાત્રો—

[છે જન પાળક ટાળક દુઃખનો—એ રાગ.]

વિશ્વ વિભુ સ્તુતિ અમારી, ઉર લેજો ઉતારી;
બાળ તણી તમ રાખો લાજ, જોડી હસ્ત રહીએ મહારાજ;
નિર્વિઘ્ને ઉતારો કાજ, સુખ દે કષ્ટ સંહારી. વિશ્વ૦
તંમ ભેદ તણું નહીં પામે પાર, રૂષિ મુનિ કવિ આ વાર;
અખિલ જગનો કર્તા છે તું, અનેક જીવ સૃજાવે તું;
દે પોષણ સરવેને તું, કૃતિ દિસે તુજ ન્યારી. વિશ્વ૦
ભક્તવત્સળાદિન દયાળા, નિરંજન નિત્ય નીરાળા;
પાત્ર મળી સૌ વંદન કરીએ, દિન નિસ ભક્તિ સમરીએ;
મન વાંચ્છિત ફળવા ઉચરીએ, અર્જ એજ અમારી. વિશ્વ૦

कमला दुःखदर्शक नाटक

अंक पहेलो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—દિવાન ખાનું.

માણેકચંદ—જડાઉ—નેમચંદ—ગંડુરામ.

માણેકચંદ—પ્રીયા ! આપણા કસ્તુરને પરણ્યા આશરે દશ બાર વરશ થયાં હશે, માટે વહુને તેડાવી લઈએ તો સારૂ ! વિષેશ પીયરમાં રહે તે સારૂં નહીં.

જડાઉ—સ્વામિ આપ કહોછો તેમ હું પણ મારા મનમાં વિચારૂં છું, કે આપણી વૃદ્ધ અવસ્થાએ પુત્ર વહુનો સંપ જોઈને રાજી થઈએ. માટે ગોરને બોલાવી તેડવા મોકલો ?

માણેકચંદ—પ્યારી ! તારૂં કહેવું બરાબર છે. [નેમચંદને] અલ્યા નેમચંદ ? શું કરે છે ? આંહી આવ ? !

નેમચંદ—કેમ શેઠજી ! શો હુકમ છે ! !

માણેકચંદ—આપણા ગોર ગંડુરામને બોલાવીને લાવ ? જોજે કંઈ ખોટી થાતો નહીં ? જા જલદી ?

(જાય છે.)

જડાઉ—પ્રાણનાથ ! કસ્તુરચંદની વહુ ઘણી ડાહી અને સમજુ છે, એટલે આપણું ઘડપણ નિશ્ચે પાળશે.

માણેકચંદ—હા પ્રીયા ! પણ નેમચંદને બહુવાર લાગી.

(ગોર આવે છે.)

ગંડુરામ—કેમ શેઠ ! આ ગરીબ ઉપર બાપા પધાર્યા પડયાં ?

માણેકચંદ—ગોર ! આપણા કસ્તુરની વહુને તેડવા આપને મોકલવા છે, માટે સારૂં મહુરત જોઈને જાઓ?

ગંડુરામ—બહુ સારૂ ! કાંઈ ફીકર નહીં.

(કામણ દીસે છે અલબેલા એ રાગ.)

જોઈ ટીપણું ને ઝટ જાઉંછુંરે, ખરૂં કહુંછુંરે; જોઈ.
કાંઈ દીલ ન મુઆવો, શિદ જીવ દુઃખાવો,
કહ્યું તમે માનો મારૂં, સતવર જાઉંછુંરે. ખરૂં=જોઇ.
કકાપરની વહુ આવેથી, શોભા વધશે બહુ ભાવેથી,
નહીં નહીં વાર લગાડું, તેડી આવશુંરે. ખરૂં-જોઈ.

માણેકચંદ—ગોર માહારજ ! લ્યો આ કાગળ? વહુને તેડી વેલા પધારજો ?

ગંડુરામ—શેઠ ! કાંઈ ફીકર નહીં. રજા લઉંછું.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

(સ્થળ ગંડુરામનું ઘર.)

(પ્રેમગવરી છોકરાઓને લઈને બેઠી છે.)

છોકરાઓ—મા ! અમારે ખાવું છે ! હવે ભુખ્યા નથી રેવાતું !

પ્રેમગવરી—ધીરા રહો બાપુ ! ધીરા રહો ! !હમણાં તમારા પીતા આવશે. તો તમારે વાસ્તે કંઈ લેતા આવશે. અરે ! ઈશ્વર આમ ક્યાં સુધી સહન કરીએ ! (લગણે હાથ દઈને).

સીતાજીના મહીનાનો રાગ.

પ્રભુ દરીદ્ર મારૂં કર દૂર; સંકટ તું તો હરી,
ભુખ્યા રખડે છે મુજ બાળ, દયા તુંને નહીં જરી;
વિપત્તી આવી પડી હે નાથ, સહન નથી થતી.
મળ્યો પતી એવો આમુજ, મળે નહીં કંઈ ગતી.
હું દુઃખ્યારીની કરજો વાર, કૃપાળુ થઈ પ્રભુ,
સતવર સહાય થશો દીનાનાથ, પુત્રી પરે વિભુ;

(નેપથ્યમાં પ્રીયા કમાડ ઉઘાડ).

છોકરાઓ—(દ્વાર ઉઘાડીને) એ મા ! એ મા ! ! આમારા બાપા આવ્યા.

પ્રેમગવરી—શું આવ્યા તો કાંઇ લાવ્યા?

ગંડુરામ—કેમ પ્રીયા બેઠી છો?

પ્રેમગવરી—બેઠી નથી, ત્યારે શું ઉભી છું? સ્વામી હવે તો હું ઘણી મુંઝાઊંછું, છોકરાઓ ખાઉં ખાઉ કરે છે, તો શું ખવરાવું. તમે ગામમાં જાઓ છો, તેવા પાછા આવો છો.

ગંડુરામ—રાંડ શંખણી? મારા ભોગ લાગ્યા કે તુંને પરણ્યો. જેટલું કમાઉં છું તેટલું ખાઓ છો, ને રાત દીવસ ઝંપીને બેસવા દેતી નથી ઘરમાં જેવો આવ્યો કે કુતરીની માફક ડાઉં ડાઉં કર્યા કરેછે, ખાઉં ખાઉં સિવાય તો વાત કરતી નથી. થાકયા, પાકયા, આવતા હશું, તેની રાંડને ક્યાં ખબર છે, આવીએ કે તરત વઢવા ઉભી થાય છે.

પ્રેમગવરી—ગામમાં લોટ માગવા ગયા હશો, તેથી થાકી ગયા હશો.

ગંડુરામ—અરે ! લોટ માગવા તો નથી ગયા, પણ આ-

પણ્ણ જજમાન માણેકચંદને ઘરે ગયો હતો; તેમના દીકરા કસ્તુરચંદની વહુને મારે તેડવા જાવું છે, માટે મને ઢેબરાં કરી આપ? કે તે લઈને ચાલવા માડું પછી તું જાણે, ને તારૂં ઘર જાણે!

પ્રેમગવરી—ઘરમાં દાણાની તો ચપટીએ નથી, ને વળી તમારે ઢેબરાં ખાવાં છે. જોયું આ કેવું દીંડવાણું, "કે ઘરણુ વખતે સાપ કાઢયો, પણ બીજી કાંઈ ખબર છે? મારે જણુવાનો સમય છે, માટે ઘી ગોળનું તો કરતા જાઓ? પછી ગમે ત્યારે આવજો?

ગંડુરામ—જણવું તો તારે છે પણ મારે તો નથી જણવું! પરમેશ્વર નવરો બેઠો ઠીક કરે છે કે રાંડને વીયા વીયાજ કરવું. ચાલ રામ! આંહી બેસી રહે કાંઈ વળશે નહી! ત્યાં જઈશ તો બે પૈસાનું મોઢુ ભાળીશ. (જવા માંડે છે)

પ્રેમગવરી—જાઓ છો કયાં? મુને ઘી ગોળનું તો કાંઈ આપતા જાઓ? હવે વધારે બોલીશ તો કડવું લાગશે.

ગંડુરામ— (લટકે મટકે જાવું લડવા એ રાગ)

અરે ઓ મારી વાલી ભટાણી, કહું છું તુંને હું આ વાર,
શા માટે તું શા માટે તું, માંડે છે ઉતપાત અપાર. અરે.
ઝાઝુ લડીશ તો મારી સાથે, કાઢીસ તુજને ઘરની બાર,
હવે ધીરજ રહેતી નથી મુજને, માન તું તોરે નીરધાર. અરે.
ખાઉ ખાઉ ખાઉ તું સીદ કરે છે, ધાસાવઠી હું જાઊં રે,
છોકરાઓની સંભાળ લેજે, ઘડી ખોટી નહીં થાઉં રે. અરે.

(એમ કહીને જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—કસ્તુરચંદનો એકાંત વાસ.

કસ્તુરચંદ પછીથી મોહન.

કસ્તુરચંદ—(વીચારમાં) અહો ! આજ કાલ મારો મીત્ર મોહન ક્યાંય નજરે પડતો નથી, તેનું શું કારણ હશે?

ગજલ.

(દુનીઆમાં દેખી નહી મેં પદમણી—એ રાગ)

મીત્ર વીના પડે નહી, ન ચેન એક દીન,
બાળ સ્નેહિ મારો એહ છે, હુકમને આધીન. મીત્ર.
ભ્રાતથી વિશેષ પ્યાર, વરતે મંમપરે,
બુદ્ધિશાળી ગુણવંત, દીસે છે એ ખરે. મીત્ર.
બંધાણી ગાંઠ પ્રીતની, જેમ મીન જળ તણી;
તેહથી અધિક પ્રીત, રાખે છે ઘણી. મીત્ર.

વિદૂષક—(પ્રવેશ કરીને) વાહરે વાહ ! ભાઈ તમારા દોસ્ત મોહનના તો બહુ વખાણ કરયાં, પણ આ બાહ્મણને કાંઈ શંભારોએ છો ! પણ ક્યાં ખબર છે. અડધીરાતનો હુંકારોતો હું છું તેને તો યાદ કરતા નથી. ભાઈ હર્ષને બદલે ઉદાશ કેમ બેઠા છો ?

કસ્તુરચંદ—અરે વળી હર્ષ શેનો !

વિદુષક—કેમ ભુલી ગયા, તમારી ઘરવાળીને અમારી ભાભી તેને તેડવા ગોરને મોકલ્યો છે, તેનો હર્ષ થવો જોઇએ, તો ઉદાસ કેમ છો.

(એટલામાં મોહન આવે છે)

કસ્તુરચંદ—અહો દીલોજાન મીત્ર ! આપને હમણાંજ

યાદ કરતો હતો.

મોહન--પ્રીયભાઇ! કાંઈ કામ પ્રસંગે બે ચાર રોજ આપની પાસે નથી અવાણું તે ક્ષમા કરશો. પણ આપ કંઇ વિચારમાં હો એમ જણાય છે, મારો કંઈ અપરાધ હોય તે જાણવા ઇચ્છુ છું.

કસ્તુરચંદ--નહી નહી પ્રીય મીત્ર તેને માટે કંઇ નથી, પણ વીચાર તો એજ કે હું પરણવા ગયો, તે વખત મુજ પત્નિની સાહેલીઓ અન્યો અન્ય કહેતી, કે વિધી સંયોગે પરણ્યો તો ખરો, પણ તેની પીઠમાં (વાંસામાં) સરપણ છે એટલે વૈભવ કરવાથી તેના પ્રાણ જશે, એવું મારી શ્રુતિમાં સ્હેજ આવ્યું માટે મેં નિશ્ચય કર્યો છે, કે તે સ્ત્રી સાથે મારે વાત ચીત અથવા ઘર વ્યવહાર રાખવો નથી માત્ર એજ વીચાર છે.

વિદુષક--શું તે સ્ત્રીને તજી દીઓ છો? ભલે તે કરતા મને આપો તો તમારે પીડા મટે, અને મારૂં કાગ થાય તેના વાંસામાં સરપણ છે, તો મારા વાંસામાં સરપ છે, એટલે અમારે બહુ બનશે. તમે એકાંત જગ્યોએ રાખશો તો ઉલટી આપદા થશે, માટે મેહેરબાની કરી મને આપી દેશો. જેથી તમારો ઉપકાર માનું એક બાઈડી છે, ને તમે આપો એટલે મારે તથા છોકરાને દુધ ખાવાની મઝા પડે.

મોહન—ચુપ રહે ગમાર?

વિદુષક—હા ભાઇ અમે તો ગમાર, પણ તમે ચમાર એટલે તમારામાં ડાહપણ વધારે હોય.

મોહન—પ્રીય ભાઈ કસ્તુરચંદ! આમ ઉદાશ શા માટે બનો છો! વિધી અન્ય થનાર નથી.

બનજારો.

(પ્રીય મીત્ર વીના હો ભાઇ–એ રાગ.)

શીદ શોક ધરો મુજ ભાઈ, ઉર વ્હેમ ન લાવો કાંઈ. ટેક.
સમજુ થઈ ખેદ કરો છો, શું દીલમાં એવું લહો છો;
સંતાપ અતિ દુ:ખદાઈ, ઉર વ્હેમ ન લાવો કાંઈ. —શીદ.
હું વદુ વેણુ હીતકારા, નવ સાહસ કરો ઓ પ્યારા!
ન રહો પ્રીયાથી જુદાઈ, ઉર વ્હેમ ન લાવો કાંઈ,—શીદ.
વિધિએ લખ્યા લલાટે લેખ, નહીં મીન કે તેમાં મેખ;
ઈશ ગતિ છે શ્રેષ્ટ ભાઈ, ઉર વ્હેમ ન લાવો કાંઈ.—શીદ.

પ્રીય મીત્ર વેહેમ છોડી દઈ, નીસદીન સુખમાં વૃદ્ધિ કરો.

વિદૂષક—ભાઈ તમે તો ઘણુંએ કહો છો, પણ જે વાતમાં વેહેમ પડયો, તેનું શું કરવું? હા એક ઉપાય છે. કસ્તુરચંદભાઇની સ્ત્રી મને આપે એટલે કોઈ જાતની હરકત નથી.

મોહન—બેસ બેસ છાનોમાનો? લાંબી ટુંકી વાત કરતો.

વિદૂષક—લાંબી ટુંકી તો કસ્તુરભાઈના સુખ માટે કરૂં છું.

મોહન—પ્રીય મીત્ર! હવે વધારે વાર નહીં બેસતા ચાલો ફરવા જઈએ.

[જવા માંડે છે એટલામાં વિદૂષક].

વિદૂષક—કસ્તુરચંદભાઈ હું પણ રજા લઉંછું, અને છેવટ કહુંછું કે તમારી સ્ત્રી બીજાથી નહીં સચવાય, માટે મનેજ આપજો. (જાય છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ધારાવટી શેહેરમાં કમળાનું દીવાનખાનું.

કમળા—ગુલાબ—જમના.

ગુલાબ—પ્રીય બેની! આજ કાલ તું ઘણી દીલગીરી દર્શાવે છે. અને શુભાપણથી અમારી સાથે વાતચીત કરતી નથી તે શું?

જમના—ગુલાબ તુંને કયાં ખબર છે? પ્રીય સખી કમળા એક દીવસે કહેતી, કે બેન જમના તમારી બરોબર સુખ મને કયારે મળશે!

કમળા—હા બેનો! પીયુને મળવા હું ઘણી આતુર થઈ છું. સાંભળો.

(મોહે દે કે ફીટકાર.—એ રાગ.)

અતી કામ વીકાર, પ્રગટે આ વાર, ન સહેવાય લગાર;
સુણરે બેની, નહીં આવ્યો પાર, મુજ દુઃખ તણો અતી
જોબન ભરપુર, માહારૂં અપુર, નવ કાયે અધુર;
સુંણરે બેની, વેરી વીરહ અસુર વ્યાંપે તંન ઘણો. અતી.
અરે જીવ મુંઝાય, ઉઠે દેહમાં લાય, અંગ ખાખ થાય;
સુંણરે બેની નહી ધીર ધરાય અરે બેની જાણો. અતી.

ગુલાબ }
જમના } **કલ્યાણ.**

(હાડાજી શું કરો સાહસ આ એ રાગ.)

શાણી સખીરી ધીરજ ધરને, દીલગીરી છોડી દે નહારીરે. શાણી.
યાકુળ વ્યાકુળ થા નહીંરે, સુણ સખી છો પ્યારીરે. શાણી.
સ્વામી તારા ને પ્રભુજી નિશ્ચે, આપશે બુદ્ધી બહુ સારીરે. શાણી.

માટે અધીરી નહી થા બેની, ઇશ વેળા વાળશે તારીરે. શાણી

જમના—બેની કલપાંત છોડીદે શ્રી જગકર્તા સર્વે સારૂંજ કરશે. કહ્યું છે કે ધીરજના ફળ મીઠાંજ હોય.

કમળા—હા બેની તું કહે છે તે સત્ય છે પરંતું.

આશા ગોડી.

(સહાય થશો જગકર્તા—એ રાગ.)

ધૈર્ય શીરીતે રાખુ પ્યારી, સખી ધૈર્ય શી રીતે રાખું પ્યારી. ટેક.
માત પીતાએ મુને પરણાવી, નીરખ્યો પતી તે વારી. સખી.
તેને આજે બહુ દીન વીત્યા, પણ નહી મુજને સંભારી. સખી.

ગુલાબ—પ્રીય બેની કમળા! તારા સુખનો સૂર્ય હવે થોડા રોજમાં ઉદય થશે. માટે ચાલો આજનો માંગળીક દીવસ આદીતવાર છે, તેથી પ્રતાપી માહાકાળીના મંદીર જઈ, તેના દરશનનો લાભ લઈએ. જેથી તારા દુઃખનું નીવારણ થાય..

જમના—બેન ગુલાબ પ્રતાપી માહાકાળીનો આજ કાલ મહીમા ઘણોજ વધી ગયો છે, અને તે દેવી સાક્ષાત છે. તેણે અનેક જનના કાર્ય સફળ કર્યા છે.

કમળા—હા બેનો મારી પણ એવીજ ધારણા છે. ચાલો ત્યારે.

(નીચે પ્રમાણે ગાતી ગાતીઓ જાય છે.)

ઠુમરી ભેરવીની.

(મેતો શેહેજાદેકું ઢુંઢને ચલીઆરે—એ રાગ)

ચાલો દરશન કરવા જઈએ રે. ટેક.
મળી આપણ સૌ ઉમંગ ધરીને;
દર્શન માતુના કરીએ રે. ચાલો.

મન કામના પુર્ણ કરશે;
ઉર એવું તો લઈએ રે. ચાલો.
કાળીકા માતા મંદીર જઈ;
મુખ થકી ગુણ ગાઈએ રે. ચાલો.
અબીલ ગુલાલ કર ગ્રહીને;
વિધ વિધ આરતી ઉચરીએ રે. ચાલો.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રતનચંદનું ઘર.

રતનચંદ—પ્રેમકુવર પછીથી ગંડુરામ.

પ્રેમકુંવર—સ્વામીનાથ! આપણી કમળા હવે કામકાજ માં ઘણી કુશળ જોવામાં આવે છે. પણ તેના સાસરા તરફથી સમાચાર અથવા કાગળ પત્ર કાંઈ આવતા નથી.

રતનચંદ—હા પ્રીયા હું પણ સમજુ છું.

પ્રેમકુંવર—સ્વામી! કમળાની યોગ ઉમર જોવામાં આવે છે, માટે તેનો વીચાર કરવો જોઈએ, કે હાથી દરબારમાંજ શોભે તેમ પુત્રી સાસરે શોભે વળી શાસ્ત્રમાં કહ્યું છે કે "દુહીતા ભલી ન એક" માટે સ્વામી જો પુત્રી સારી થાય તો સારૂં, નહી તર સાત પેઢીને એબ લગાડે છે.

રતનચંદ—પ્રીયા દીલગીર ન થા! બે ચાર રોજમાં કોઈ નહીં આવે તો પછી આપણે સમાચાર મોકલશું.

વિદુષક—સમાચાર કરતા મારી સાથે કમળાને મોકલો કે તેને સાસરે મુકી આવું. [ગંડુરામ ઉતાવળો પ્રવેશ કરે છે તેને જોઈને] આમ હાંફલાં ફાંફલાં ક્યાં ધસી આવો છો? ઘર ભુલ્યા કે શેરી ? ?

ગંડુરામ—અરે ભાઈ મારે રતનચંદ શેઠને કાગળ આપવો છે.

રતનચંદ—માહારાજ ક્યાંથી આવો છો, અને કાગળ કોણે આપ્યો છે?

ગંડુરામ—જય થાઓ શેઠની ! હું કનક નગરથી આવુ છું, અને માણેકચંદ શેઠે આ કાગળ આપ્યો છે. (કાગળ આપે છે)

રતનચંદ—(મનમાં વાંચીને) પ્રીયા આપણા વેવાઈએ આ કાગળ મોકલ્યો છે, તેમાં લખે છે કે ગંડુરામ ગોરની સાથે કમળાને વીદાય કરજો.

વિદુષક—હું મારૂં નક્કી કરતો હતો, એટલામાં આ મોકાણીઓ ક્યાંથી આવ્યો. "કરમમાં કાળ મીંઢ તે ભુખરવો ક્યાંથી ભાગે".

ગંડુરામ—શેઠ મારા સીધાનું કાંઈ કરો.

વિદુષક—ગામમાં ભીખ માગવા જાઓ, એટલે સીધાં ઘણાં મળશે.

રતનચંદ—પ્રીયા આ માહારાજને સીધુ આપ એટલે રશોઈ કરે હું જરા બાહાર જઈને આવું છું.

પ્રેમકુંવર—ચાલો માહારાજ પધારો.

(સરવે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—માતાનું મંદીર.

કમળા—ગુલાબ—જમના.

(કમળા માહાકાળીની આરતી કરે છે.)

ગરબી.

પ્રીય કર અંબેમાત—એ રાગ.

નિત્ય નિત્ય આપી માત, (૨) પુજન કરૂં હું પ્રીતથી;
આરતી ઉતારૂં નીશદીન,(૨) પુષ્પ વધાવું રૂડી રીતથી. નિત્ય.
સંકટે કરજો મા સહાય, (૨) તત્પર થઈ પુત્રી પરે;
હું તમ ચર્ણની દાશ, (૨) સફળ કરો મન કામરે. નિત્ય.
વેગે ગ્રહી મુજ બાંય, (૨) વારે ચડો દૂખીયારીની;
અતી બની છું ઉદાશ, (૨) લાજ રાખો પુત્રી પ્યારીની. નિત્ય
ભાવે ભક્તી કરૂં, (૨) આણી ઉલટ મનમાં ધરી;
હૈયે ઘણી રાખું હામ, (૨) તુજ દરશનની માતુ ખરી. નિત્યા
વંદી કહુંછું આજ, (૨) અવર આધાર નહીં અમપ
આપો કંથ તણું સુખ, (૨) કહું વારંવાર નમન કરી. નિત્યા.

ગુલાબ—હે કરૂણાળી દેવી ! મુજ સખી કમળાને અહ· રનિસ સુખ પ્રાપ્ત થાય એવી મારી પ્રાર્થના છે.

જમના—બેનો ચાલો હવે ઘર તરફ જઇએ, વખત ઘણો થયો છે.

કમળા—અરે બેની ઘરતો છેજના, પણ માહાકાળીની સ્તુતિ કરી લઉં, જેથી સર્વ કાર્યમાં સહાય થઇ સુખ આપે. (હાથ જોડી).

જોગ આશા.

[પ્રણમું પ્રણમું માતુ કોમારી—એ રાગ]

માહાકાળી છો માતું મારી, શીશ નમાવે આ બાળ તમારી. માહ.
પુર્ણ મનોરથ કરશોજ મારા, સંકટ સરવે આપ વીદારી. માહ.
મંમચિત ચોટયું તમ ભક્તિમાં, તુજ ઉપરથી જાઉં બલીહારી માહા.
(ગાઇ રહ્યા બાદ) હે માતુશ્રી વંદન કરૂં છું. [જાય છે]

પ્રવેશ ૪ થો.

સ્થળ—ધારાવટીનો રસ્તો.

(કમળાને સાસરે વીદાય કરતી વખતે તેની માતુશ્રી તથા સાહેલીઓ ભેગી થાય છે.)

પ્રેમકુંવર—ઓહો મારી વિવેકી પુત્રી ! તુને જતા અતી દીલગીરી ઉપજે છે.

જકડીપરજ.

(રાગ—ભૃતુહરીનો)

પ્રાણ આધાર મારી દીકરી, હૈયા તણી તુતો હારજી;
મુજ પાસેથી અળગી થતાં, ઉઠે દેહમાં અંગારજી.
પુત્રી પધારે તું સાસરે.
તુને જોઈરે વાલી દીકરી, રાજી રહેતું હ્રદયજી;
નજરે મારીથી જુદી કરતા, દેખી કેમ શકાયજી.
પુત્રી પધારે તું સાસરે.

કમળા—ન કર સોચ માતુ માહરી, જો વીચારી મનમાંયજી;
પુત્રીને ગાય બરાબરી, દોરે ત્યાં નકી જાયજી.
કલપાંત કર નહી માવડી.
નથી દુર હું તારા થકી, તુજ મુજ જીવ છે એકજી;
તન આપણુના બેહું જુદા, જાણે માત તું છેકજી.
કલપાંત કર નહીં માવડી.

પ્રેમકુંવર—જઈ સાસર વાસે પુત્રી તૂં, રેજે હળીમળી હેતજી;
સહુ સાથે રેહેવું પ્રીતથી, નવ કરવું કહેતજી.
પુત્રી પધારે તું સાસરે.
સાસુ સસરા તણી સેવના, કરવી તારે સદાયજી;
આજ્ઞા પાળવી તેહની, વેણ ન લોપવું જરાયજી.
પુત્રી પધારે તું સાસરે.

કમળા—પુત્રી છું માતુ તાહરી, સમજુ સર્વ હું રીતજી;
એમાં કેવું પડે નહીં મુને, જાણો તમેં ખચીતજી.
કલપાંત કર નહી માવડી.
જોઈ પ્યાર તાહરો માતજી, કેમ વીસારૂં આ વારજી;
તુજથી વીખુટી પડતા હવે, દુઃખ થાયે અપારજી.
કલપાંત કર નહીં માવડી.

માતુશ્રી તારો દયા ભાવ મારી પ્રત્યે છે, તેવો ને તેવોજ રાખજે (ગુલાબ પ્રત્યે) અરે મારી વાલી સખી! તારો પ્યાર મારા -હૃદયમાંથી ખસવાનો નથી, પણ ઈશ્વર મેળવશે ત્યારે આવશું, માટે છેલીવાર મળી લેવા દે.

(ભેટે છે તે વખતે)

ગુલાબ—મરેઠી ચાલની સાખી.

અરે ઓ મારી સુજ્ઞ સખીરી;
જતા તુજ થઉ દુખીયારી;
સ્નેહ સબળની ગાંઠ જોડેલી,
તે આજે થઈ છે ન્યારી.
અરસ પરસ આપણી પ્રીતી,
ગણુતાં સુખ સમાજ;
પ્રેમ રસમાં ડુબી હતી હું,
તે બની છું નાહારાજ.

દીન નીશા તુજ વીણુ બેનીરે,
પડે ન ચેન લગાર;
માટે ઉદાસી ઉરમાં ધરૂં રે,
પ્રીય સખી આ વાર.

કમળા— **આશાવરી જોગીઓ.**

[છોડીને જાઉં એકલી—એ રાગ.)

તજીને સંગ તાહરો, હું જાઉં છું;
એ દુ:ખ મુને છે બેની મારી, દીલ મારે અપાર. તજી.
જેવો તારો પ્યાર છે, તેવોજ રે સદાય;
રાખજે હે બેની તું, હમેશાં ઉર માંય. તજી.
પત્ર પ્રેમ ભાવે તું, પઠાવજે લખી;
ઘડી વીસારૂં નઇ તુંને, હે મમ પ્રીય સખી. તજી.

જમના—પ્રીય બેની! સાસરવાસ જઇને સારા સમાચાર મોકલજે.

કમળા—હા મારી શાણી સખી! તું પણ પ્રેમ ભાવથી પત્ર મોકલજે. બેનો હવે રજા લઉં છું.

(ગંડુરામ સાથે કમળા જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—માણેકચંદનું ઘર.

માણેકચંદ, જડાઉ પછીથી ગંડુરામ ને કમળા.

જડાઉ—પ્રાણનાથ! કસ્તુરચંદની વહુને તેડવા ગોરને મોકલ્યા આજે બહુ દીવસ થયા, પણ હજી આવ્યો નહીં. રસ્તામાં કાંઇ વિઘ્ન તો નહીં થયું હોય?

માણેકચંદ—ના ના પ્રીયા! ખોટી થાય તેવું માણસ તો

નથી, પછી ઇશ્વર જાણે પણ આજ કાલ આવવો જોઇએ. (કમળા તથા ગોર આવે છે.)

ગંડુરામ—જય થાઓ શેઠજી. [કમળા તેની સાસુના ચરણમાં શીશ નમાવીને].

કમળા—સાસુજી મારા માત પીતાએ આપના ખુશી ખબર પુછ્યા છે,

જડાઉ—સૌભાગ્ય રહો વહુજી તારા માત પીતા સુખી છે!

કમળા—ઈશ્વરે કૃપાથી અને આપના પુન્ય થકી સદા આનંદ વૃતીમાં છે.

માણેકચંદ—ગોર ગાહારાજ બહુ ખોટી થયા?

ગંડુરામ—શું કરીએ શેઠ! આપના વેવાઈએ મેમાનગતીમાં કાંઈ ખામી રાખી નથી. પછી આગળ બ્રાહ્મણ ભાઈ એટલે ભોજન છોડીને ઘર શા માટે સંભારીએ! ઘર તો ધોળે દીવસે સંભાળ્યુંજ છે!!

માણેકચંદ—ગોર આપણી દુકાને આવજો, તમને દક્ષણા આપી રાજી કરશું:

ગંડુરામ—વારૂ શેઠજી રજા લઉંછું.

જડાઉ—વહુજી ચાલો ભોજન ગ્રહમાં જઇએ.

(જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શયનગ્રહ.

કસ્તુરચંદ—કમળા.

કસ્તુરચંદ—[વીચાર કરે છે] સ્ત્રી આવી, પણ તેની સાથે વાતચીત કરવી નથી. ચાલ આ પલંગ ઉપર સુઇ જાશે. [સુવે છે.)

કમળા—ઓહો! મારા પ્રાણનાથ તો કેવા સુખેથી નીંદ્રા લે છે. [તેને જગાડવા વિનતી કરે છે.]

ગરબી.

[મારા સ્વામી બોલોને વાલા—એ રાગ].

પ્રીય પતી પ્રાણ આધાર મારા,
શિર છત્ર છો મુજ તણાં પ્યારા. ટેક.
પ્રભુ તુલ્ય જાણું તમોને નાથ,
વેગે ગ્રહો દાશી કેરો હાથ;
નીત્ય આપો સુખ રહી સંગાથ. પ્રીય.
અહરનીશ આપ સ્મરણ કરતી,
સદા આશ ઉરમાં હું ધરતી;
વ્રેહ તણી જાળ બુઝાવો પતી. પ્રીય.
રેહેવા ધારૂં સુખમાં કંથની પાસ,
માટે સ્વામી કરો નહીરે નીરાસ;
અર્જ ધરજો પુર્ણ કરવા મુજ આશ. પ્રીય.

હે શીર છત્ર સ્વામી! હું અતી હર્ષ સહીત આવી છુ તો આપ નમેરા થઇ કેમ સુતાછો. આપનું મુખાર્વીંદ જોવા હું ઘણી અધીરી થઈ છું, તો નીધાહ કરી મુજ ગરીબ અબળા દાસીની એવી મારી નમ્રતા પૂર્વક વિનંતી છે.

કસ્તુરચંદ—[પલંગ ઉપરથી ઉભો થઇને]

શ્રી જગતનાપતી એ રાગ.

સુણ ત્રીયા આ વાર, શીદ કરે છે ઉચ્ચાર;
નહીં ગ્રહું હું તુજને, જાણ નીરધાર. સુણ.
અળગી રહે હો સ્ત્રી અહીથી, છોડીને આ વાસ;
તુજ જેવી નારીનો મારે, ખપ નથી મુજ પાસ. સુણ.
મુખ જોવું ઘટે નઈ તારૂં, કર દીલમાં વીચાર;

સ્પર્શ તારો જો કરૂં તો, દુઃખ પામું અપાર. સુણ.
મુખથી મીઠી વાણી બોલી, કરવા મારી ઘાત;
મુજ પ્રત્યે એક શબ્દ ઉચારીશ, મારીશ તુજને લાત. સુણ.

કમળા— રાગ સદર.

સ્વામી માહરા, બૂદ્ધી તમ તણી ફરી;
દિન દાશી ઉપરે, શું ક્રોધ આ કરી. ટેક.
વદો વેણુ નહીં આવા સ્વામી, પત્ની ઉપર આજ
અહો નાથ હે વેગે મારા, જાણીને ઉરદાજ. સ્વામી.
નથી ચુકી હું ધર્મજ મારો, માનોને નીરવાણુ;
અન્ય પુરૂષનો સંગ નવ કીધો, સ્વપ્નેમેહો પ્રાણ. સ્વામી.
ધીકારો શા માટે પીયુજી, હું અબળા છું નાર;
તુચ્છ ગણીના કાઢો મુજને, હે પતી આ વાર. સ્વામી.

પ્રાણ રક્ષક! એવા શા અપરાધમાં આવી છું, કે મારો તીરસ્કાર કરો છો, કંઈ દોષ હોય તે ક્ષમા કરી. માફ કરશો.

કસ્તુરચંદ—(બાહાર આવીને) આ રાંડ અહીંયા નીદ્રા લેવા નહીં દે, માટે ચાલ દુકાનપર જઈને સુઈ રહુ.

(ગયાબાદ.)

કમળા— (પીયુને તજાવનાર. એ રાગ.)

પ્રભુજી તેં આ શું કીધો, મુજ ઉપર આ કેર;
અરેરે દીન પુત્રી પરે, નાવી રે કંઈ મેર.
ફટ ફટ હે વીધાતા ભુડી, વેરણ થઈ મારી;
કંથ મારાનો વચ્છો પાડી, શી ગતી ધારી.
કરૂંણાળુ જગદીશ્વર હવે, રાખો મારી લાજ;
કલંક શીર આવ્યું નથી, હે પ્રભુ મહારાજ.

અરેરે પરમેશ્વરા! આ કેવો ત્રાસ દાયક બનાવ બ-

ન્યો છે. મારા મનમાં હું એમ જાણુતી હતી કે સદાકાળ સુખમાં રહીશ, પણ મૂહુરતમાંજ આવુ અણુઘટતું બન્યું તો ક્યાં પાર આવશે. નહીં નહીં ! મારા પતી એવા અબુજ નથી. પણ કોઈએ વેહેમ ભરાવ્યો છે, માટે તે દુર કરવાને સત્વર ઉપાય શોધવો જોઈએ.

પ્રવેશ ૭ મો.

સ્થળ ઘર.

જડાઉ—(એકલી) હવે મારે માથેથી કામ ઉતરયું ઘરમાં વહુ આવી એટલે ઘરનું સરવે કામકાજ ઉપાડી લેશે, તે વિશે મારે મુઝવણુ નહીં પડે. (કમળાને દેખીને) કેમ વહુ કામકાજથી પરવારી હોય તો અહીંયાં આવ.

કમળા—સાસુજી કામકાજ સરવે સુખથી સારૂ લાગે.

જડાઉ—અરે વળી અહીંયાં શું દુઃખ છે ? આપણા ઘરમાં કયુ અઘરૂં કામ છે તે મુઆઈ ગઈ. તારા બાપને ઘરે શું સુખી હતી, તે અહીંયાં દુઃખી છો હું તો એમ ધારતી હતી કે વહુ આવી એટલે મારે કશી મુઝવણુ નથી, તેના બદલામાં આવા શબ્દ કેમ બોલે છે.

કમળા—(ક્રોધમાં) **ભલેને આપે ક્રોધ કરી–એ રાગ.**

સાસુજી મારી હું કહું, શ્રવણુ કરો તે અહીં.
શ્રવણુ કરો તે અહી, અહીંયાં રહુ નહી. સાસુ૦
નીજ પુત્ર ક્રોધ કરી, ધીક્કારી મુજને તહી;

કે તું જા અહીંથી દૂર, કહ્યું ક્રોધમાં રહી. સાસુ૦
મુખ ન જોઉં તાહરૂં, વેણ એવા મુને કહી;
વાંક મુજ નીહાળી કરી, વચન નીજ કહે શહી. સાસુ૦
નહિં નહિં રહુ નહીં, જઉછું મુજ પીયર મહી;
નીશ્ચે હું કહુંછું આજ, અહીંયાં રહુ નહીં. સાસુ૦

જડાઉ—અરેરે! હજી કાલ સવારે વહુ ચાલી આવે છે, તેમાં આ શું બનાવ બન્યો. ચાલ જઈને તપાસ કરૂં.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ રસ્તો.

કમળા— (માહાકાળીનું સ્તવન કરે છે.)

લાવણી.

જોડી તમે ના જોઈ માડી— એ રાગ.

માહાકાળી માત મારી, માહાકાળી માત મારી;
આફત આવી મુજ માથે, આ ઝટ લ્યો ઉગારી. માહા
છઉં નિર્દોષી માતા, છઉં નિર્દોષી માતા;
પતી મારાનો વ્હેમ વીદારી, કરજો સુખ શાતા.
નિત્ય નિત્ય રટું નામ તારૂં, નિત્ય નિત્ય રટું નામ તારૂં
દુઃખ દરીઆમાં નાવ બુડાડી, સુખ આપો સારૂં. માહા
નહીંતર થઈશ હું દુઃખી, નહીંતર થઈશ હું દુઃખી;
સત્વર મારી સહાય કરીને, કરો હર્ષ સુખી. માહા
ક્યાં હું જાઉં આ વારી, ક્યાં હું જાઉં આ વારી;
માર્ગ બતાવી દીન દયાળી, ઉર વસો મારી. માહા

આહાહા! ઠીક સાંભરી આવ્યું! આ સેહેરમાં ગ-

ણીકા છે, તેને ઘરે જાઉ, અને તેનો સોહાંગ લઈ, મારા પતીનો વેહેમ દુર કરૂં. એ વિના બીજો ઉપાય નથી, " હીમતે મરદા તો મદદે ખુદા " માટે ચાલ ત્યાંજ જાઉં.

(જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—કસ્તુરચંદનો એકાંત વાસ.

કસ્તુરચંદ—મોહન.

મોહન—પ્રીયમીત્ર! મેં સાંભળ્યું છે, કે તારી સ્ત્રીને ધીક્કારીને કાઢી મુકી છે.

કસ્તુરચંદ—હા ભાઈ મેં તને પ્રથમ કહ્યું હતું કે તે સ્ત્રી સાથે મારે સબંધ જોડવો નથી.

મોહન— **(રાગ ઓખા હરણની઼ઢબમાં.)**

અતિ સાહસ કર્યું મિત્ર કામ,
નો તુ કરવુ હતું તારે આમ-
નિર્દોશી તે નાર દુભાવી,
વણુ વાંકે તેં સીદ મુઝાવી.
કહ્યું માન્યું નહી તે મારૂં;
કર્યું ડાહાપણુ તેં તો તારૂં.
નથી તુજ નારી કહી દુર,
શોધ કરે જઈ તું જરૂર.

મીત્ર તપાસ કરયાવિના આ કામ બહુ અઘટીત કરયું છે, સાંભળ તારી સ્ત્રી આ શેહેરમાંજ હશે, તપાસ કરશ? હવે ઓફીસમાં જવાનો વખત થયો છે, માટે હું તો રજા લઉછું. (તેના ગયા બાદ)

કસ્તુરચંદ—મીત્ર કહે છે તે બરાબર છે. મારી સ્ત્રીનું સ્વરૂપ આ શેહેરમાં એક ગુણીકા આવેલ છે. તેને મળતું આવે છે માટે ત્યાં જઉ એટલે ભેદ માલુમ પડશે. (જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—ગણીકાનો મેહેલ.

ગણીકા—(આશ્ચર્ય પામીને) અહો ! ઘરે બેઠા લક્ષ્મી ચાડલો કરવા આવી, તો મોહો ધોવા શું કરવા જાઉ આજ કાલ મારા મેહેલ ઉપર કોઇ આવતું નહી, પણ હવે તો આગળની માફક પૈસાદાર થઇશ (કમળા પ્રત્યે) ભલે બાઇ તું આવી તારો ઉપકાર માનું છું.

કમળા—(ગણીકાનો વેષ ધારણ કરેલ.)

લાવણી.

(ખુશ રહો સનમજા—એ રાગ.)

સુણ ભલી બાઇ તું, વાત કહું છુ મારી;
નહી નહી કૃત્ય હું કામ કુડા કરનારી.
છુ વણીક પુત્રી હું નહી અન્યકો જાત;
અધર્મ કરૂં તો લાજે માતને તાત.
મુજ પ્રત્યે પડયો છે વ્હેમ પતીને મારા;
તે દુર કરવાને આવી અવાસે તારા.
ધર્યો ગણીકા તણો સો હાંગ ઉરમાં ધારી;
કદી કંથ મેળવશે પ્રભુ એવું વીચારી.

ગણીકા—ભલી બાઇ તારા પ્રત્યે મારાથી જે કાંઈ અપ શા-

બ્દ બોલાયા તે ક્ષમા કરજે અહીંયાં સુખેથી રહે
આ મેહેલ તારોજ છે હું જરા બહાર જાઉં છું
(જાય છે.)

કમળા—(તેના ગયા બાદ) **આસાગોડી.**

કામછે દુષ્ટ વીકારી એ રાગ.

કેવી વાત આ બાઈએ ઉચારી, પ્રભુ કેવીવાત આ બાઈએઉચારી
કુકર્મ મુજ પાસે કરાવા, વાત કરે છે નઠારી. પ્રભુ.
પતિ મારાને વેગે મેળાવી, વેહેમ નાખો ઉતારી. પ્રભુ.
અહલ્યા તારા દ્રોપદી સીતા, એ સર્વે આપે ઉગારી. પ્રભુ.
સહાય મારી કરજો મોરારી, છઉં નિર્દોશી નારી. પ્રભુ.

(એવામાં કસ્તુરચંદ તે મેહેલ આગળથી નીકળે
છે તે કમળાને જોઈને.)

કસ્તુરચંદ—ઓહો ! બજારમાં ગણીકા જોવામાં આવી હતી તે તો આજ લાગે છે, અને સ્વરૂપ મારી સ્ત્રી-ના જેવુંજ જોવામાં આવે છે માટે તપાસ કરવો જોઈએ ચાલ જરા શમસ્યા પુછી જોઉં.
(પાસે જઈને)

બીહાગની ગજલ.

(માનુની તું માન મારૂ વચન આ નીરધાર એ રાગ.)

હે તારૂણી તું કોણ છો, તે કહેને મુજને;
પીતા તણું શું નામ તારા, હુ પુછું તુજને. હે તારૂણી.
નથી તું નાયકા હે નારી, જવાબ દે નીરધાર;
શું નામ ને શું ઠામ તારૂં, જણાવને આવાર. હે તારૂણી.

કમળા—શેઠ અહીયાં જરા બેસો એટલે મારી હકીકત કહું.

લાવણી.

મુજ ઉપરી ગુજરી—એ રાગ,

ધારા વટી શેહેરમાં રત્નચંદ વેપારી;
તે તણી પૂત્રી છું જાત વણીકની મારી.
પરણી જેવારે છેક હતી હું છોટી;
સમજણ આવીરે જ્યાંરે થઈ હું મોટી.
પછી વિપ્ર સંગાતે આવી સાસરા માંહી,
અતિ ક્રોધ કરીને પતીએ ધીક્કારી ત્યાંહી.
શો અપરાધ એવો નજરે પડયો છે મારો;
કહ્યું ગુસ્સે થઈને ખપ નહીં છે તારો.
ધરૂં શૃંગાર એવું મનમાં હું વિચારી;
દુર કરવા આરોપ બની છું નાયકા નારી.

(આ સાંભળી કસ્તુરચંદ એકદમ કમળાને ભેટીને કહેછે.)

કસ્તુરચંદ—(દયાળુ દેવ કૃપાળું તું એ રાગ.)

અરે પ્યારી, અરે પ્યારી, વિચાર વીનમે, કરી ન્યારી. અરે.
જે વારેમે, તજી તુજને, પછીથી ખેદ થયો ભારી. અરે.
વગર વાંકે, અતી બુરૂં, કરયું કામ આ, પ્રાણ પ્યારી. અરે.
ઉરવે મહુ, નહાંક લાવી, પ્રીયા મારી, પ્રીયા મારી. અરે.

અહો પ્રાણ પ્યારી! કેવળ મારામાંજ મુર્ખાઈ છે! જે તારે માટે તદન ખોટો વ્હેમ લાવ્યો છું.

કમળા—પ્રાણધાર એ વીષે આપ અંદેશો નહી લાવો, બનવાકાળે બને છે પાછળથી પશ્ચાતાપ શા કામનો.

(એટલામાં અન્યાય પુરનો રાજા અજ્ઞાનસિંહ શીકાર અરથે નીકળેલો છે અને તેજ શેહેરમાં આવતા ગુણીકા મેહેલ તરફથી નીકળતાં કમળા ઉપર દૃષ્ટિ પડવાથી)

અજ્ઞાનસિંહ—આહા! આકાશમાં ચળકતા તારાની માફક આ સ્ત્રી કોણ છે વાહ શી કાંતી છે! વિજળીનો ચમકારો જેમ નજરે પડે તેમ આ સ્ત્રી મારી

નજરે પડી. ખરેખર આવી સ્ત્રીની મારા રાજ-માં ખામી છે, માટે અવષ્ય તેનું હરણ કરીને લઈ જાઉં તોજ મારૂં નામ અજ્ઞાનસિંહ પણ તેની પાસે કોણ છે! હા લાગે છે તો કોઈ વાણીઓ અરે તેનો શું ભાર છો (જરા પાસે જઈને) અ-રે દુષ્ટ કોણ છો! નીકલ બાર ? ? (કસ્તુરચંદ ભાગી જાય છે ને કમળાને લઈ જાય છે)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—રસ્તો.

કસ્તુરચંદ પછીથી વિદુષક.

કસ્તુરચંદ—અરેરે પ્રભુ ! આ એકાએક કેવો બનાવ ! સ્ત્રી સાથે વાતચીત કરૂંછું, એટલામાં અચાનક કોણ જાણે કયાંથી કાળ આવીને મારી સ્ત્રીને લઈ ગ-યો. (એવામાં વિદુષક).

વિદૂષક—કેમ ભાઈબંધ રસ્તામાં શેનો વિચાર કરો છો !

કસ્તુરચંદ—અરે ભાઈ વિચારતો કાંઈ નથી, પણ માહા મેહેનતે સ્ત્રી ભેગો થયો, તો કોઈ રાજા આવીને હરણ કરી ગયો.

વિદૂષક—બાઈડીને કાઢી મુકી હતી ને વળી ભેગા કયાંથી થયા ?

કસ્તુરચંદ—કાઢી મુકી હતી પણ દૂર નોહોતી ગઈ, આ શેહેરની ગણીકાને ઘરે હતી, તેમાંથી આ ફળ નીપજ્યું.

વિદૂષક—તેના વાસામાં સરપણ હતી ને રાજા ‘

કસ્તુરચંદ—અરે લઈ ગયો તો કાંઈ હરકત નથી.

વિદૂષક—હરકત શેની હોય, દુધ ચોખા ખાઈને ગઝા કરશે, અને તમે મોહો વકાશીને ઉભા થઈ રહ્યા. મને આપી હોત તો આવું થાત? પણ તે વખત તો મોહન સારો લાગતો હતો.

કસ્તુરચંદ—અરે તે વળી ક્યાં જનાર છે? તેની પછવાડે ખુવાર થઈશ પણ પાછો સ્ત્રીને મળીશ.

વિદુષક—વારૂ ચાલો ઘરે બધા વીચાર કરજો. રસ્તામાં કોઈ સાંભળશે તો ખાલી મશ્કરી કરશે. જે થયું તે ખરૂં. (જાય છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—અજ્ઞાનસિંહનો મેહેલ.

કમળા—પછીથી અજ્ઞાનસિંહ.

કમળા—(અજ્ઞાનસિંહના મેહેલમાં એકલી.)

ગરબી.

(ઓધવજીના સંદેશાનો રાગ.)

કોપ કીધો શું પ્રભુ આવો કારમો,
લખ્યા લલાટે મારે કેવા લેખજો;
દયાનિધી થઈ દુઃખ દેવું ના ઘટે,
કરૂણા કરી અબળા ઉપર પેખજો. કોપ.
કંથ નિવાસે આવી હું તો હર્ષથી,

તો કહ્યું મુજને મુખ નહી બતાવજે.
શો દોષ એવો નજરે પડયો માહરો,
રોષ કરીને કીધો આ બનાવજો. કોપ.
ખેદ અતીશે થયો મુને તાહરે,
તિવ્ર વચન વદીને કાઢી બારજો;
પછી ઉરમાં હું વીચારી માહરા,
હીમત ધરી આવી ગણીકા દ્વારજો. કોપ.
તુજ કૃપાથી પાછી પીયુને મળી,
તો પાછું આ અવળું કીધું કામજો;
અનેક પાપો પુર્વે મેં કીધાં હશે,
તે આવીને ઉભા પ્રભૂ આ ઠામજો. કોપ.
અહીંયા વસે મારી હવે શી થશે,
આવી કરશે શીયળ મારૂં ભંગજો;
હું અબળાનો શો છે પ્રભુ આશરો,
બળાત્કારે આવી પકડે અંગજો. કોપ.

અરેરે પરમેશ્વર! પુર્વે શું પાપ કર્યા હશે કે આ દુઃખરૂપી વાદળુ મારાપર ધસી આવ્યું. અહીંયા મારી શીપેર થશે. આ દૂષ્ટ રાજા એકદમ મારી લાજ લેવા તત્પર થશે. તો મારૂં શું જોર ચાલશે. (હાથ જોડીને) હે દીન દયાળ! આ પુત્રી તણી નજર કરી મારૂં રક્ષણ કરશો.

અજ્ઞાનસિંહ—(પ્રવેશ કરીને) ઓ પ્યારી બુલબુલ શામાટે શોકાતુર થાય છે. હવે તારા સુખનો સુર્ય ઉદય થયો સમજતો. મારી સરવે રાણી કરતાં તુંને પટરાણી કરીશ, અને નીરંતર સુખ આપીશ, માટે કહ્યું માની સત્વર મારો અંગીકાર કર.

કમળા—આપ પ્રજાપાળક થઈ, આ પુત્રી પ્રત્યે આવા અ-
ઘટીત શબ્દ નહીં ઉચરવા જોઈએ.

અજ્ઞાનસિંહ—નહીં નહીં પ્યારી સાંભળ!

(અજબ સનમકી-એ રાગ.)

ચંદ્રવદની મુખ હું નીરખી, સુદ્ધબુદ્ધ સરવે ગયો છું ભુલી. ટેક.
નજરે મેં જોઈ તુને જે વારે, મનકું મારૂં ગયું છે ફુલી. ચંદ્ર
મોહ પામ્યો તેવેજ ટાણે, કામ કદળીઓ સુંદર નારી
હૃદયને ભેદયુંછે તેં રસોલી, વાગ્યો ઘા મુને નેન કટારી. ચંદ્ર.
મૃગનેયની મધુર વચને, બોલાવતે હેતુ પ્રીય મારી;
તે વીના આ જખ્મકારી ઘા, નહીં રૂઝાયે પ્રાણ પ્યારી. ચંદ્ર.
માટે હે પ્રાણ કરતા, વાહલી એક વખત તારા મુખથી પ્યારા,
એવો શબ્દ ઉચાર, કે જેથી મારૂં હૃદય પ્રફુલીત થાય.

કમળા— **પીલુની ગજલ.**

(અરેરે કૃત્ય આ શું–એ રાગ.)

રાજાજી હું કહું હાથ જોડી,
નેક નજરથી દીઓ મુને છોડી. ટેક.
પુત્ર બરાબર પ્રજા ગણીને,
સુખ આપો એના કષ્ટ હણીને. રાજા.
હરી સીતાને લંકા પતીએ,
ખોયું રાજ તેથી મંદ ગતીએ. રાજા.
તેમજ દ્રૌપદી પાંડવ નારી,
શ્રાપે કરી થઈ કૌરવની ખુવારી. રાજા.
માટે હે રાજા આપ વિચારો,
ઉર વિષે નહીં અન્યાય ધારો. રાજા.
પીતા થઈને નહીં રે સતાવો,
પુત્રી પેખીને દયા ઉર લાવો. રાજા.

માટે હે રાજા કામાંધપણે જે કામ કરે છે, તે પાછળથી ખુવાર કરનારૂ થશે.

અજ્ઞાનસિંહ—પ્રીય કોયલ ગમે તેવા ઉચાર કરે, પણ તેનો મધુર સ્વર કાનને આનંદ પમાડે છે. તેમ તારા મુખથી પડતા વાક્ય મનને લીન કરી નાખે છે.

કમળા—આપ દયાળુ થઈ, આવા અયોગ્ય શબ્દ નહીં વદતા મુને મુક્ત કરો, જેથી આપનું કલ્યાણ થાય.

અજ્ઞાનસિંહ—અરે હઠીલી રંડા! મુક્ત થવાનું તો હવે સ્વપ્ને પણ નહીં સમજવું! (ધમકી દે છે.) બોલ શરણ થાય છે કે નહીં?

કમળા—ગમે તો મારા શરીરના કુકડે કુકડા કરી નાખો, પણ આધીન થનાર નથી.

અજ્ઞાનસિંહ—કેમ તું નથી માનતી? પાછળથી વીમાસવું પડશે. વીચાર કર?

કમળા—વીચાર શું કરવો હતો, કદી ફાંસીપર લટકાવો તોપણ શિયળનો ભંગ કરનાર નથી.

અજ્ઞાનસિંહ— ગજલ.

(સમાલો તેગ અદા કો. એ રાગ.)

પ્રીયા તું માન, કહ્યું માન, આ વખતે મારૂં;
મોહ્યું મન તેજ ટાણે, રૂપ દેખી તારૂ. ટેક.
નહીં તો જાણજે, ખરાબ હું કરીશ તુંને;
વિચારી ઉર, અંગીકાર કર તું મને. પ્રીયા.
પાછળ પસ્તાવો તુને, બહુ થશે પ્યારી;
વદુછું વેણ તુજ, સુખ માટે હીતકારી. પ્રીયા.

કમળા—અરે મુવા પછી સુખ દુઃખ કોણે દીઠું છે? આ

વખતે વધારે નહી સતાવ. નહીં તો જાણજે કે મારો પ્રાણ કાઢી તુને આપીશ, આ ખોળીઆમાં પ્રાણ છે ત્યાં લગી મારૂ વ્રત ભંગ કરનાર નથી.

અજ્ઞાનસિંહ—(સીપાઈને) અરે સીપાઈ!

સીપાઇ—આજ્ઞા મહારાજ!

અજ્ઞાનસિંહ—આ દુષ્ટ રંડાને કાળા ગ્રેહમાં કેદ કર?

સીપાઇ—બહુ સારૂ હજુર! (કમળાને લઈ જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ-રસ્તો.

કસ્તુરચંદ— **ઠુમરી.**

(મોહન રશીયા—એ રાગ.)

ઈશ આવારી, ઈશ આવારી;
કર્યો માઠો બનાવ અતીસે ભારી. ટેક.
મુજ નસીબે લખ્યું હશે આ,
વિયોગ પ્રીયાથી થયો મોરારી. ઈશ.
ઉર હું મારા વેહેમ લાવી;
નીરદોશી નારીને ધીક્કારી. ઈશ.
સવળુ કરતા અવળુ થયુંરે,
જોયું નહીં મેં મન વિચારી. ઈશ.
શોધ કરૂ હું વેગે જઈને,
મળે કદી જો પ્રીયા મારી. ઈશ.

અહો પ્રભુ ધીક્કાર છે મુને! કે નાહક બિચારી ઉપર કોપ કરી આવું વિપરીત કામ કર્યું પણ તેમાં દોષ

નથી, વીધીત્રાના લેખ લખ્યા મટે નહીં. માટે હવે તો તેની પછવાડે આપણે પણ દુઃખ ભોગવવું.

(એમ કહી જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—કાળાગ્રેહ.

કમળા—અરેરે પરમેશ્વર ! આ નિર્દય રાજાને દયા શેની હોય ! (સીપાઈ પ્રત્યે) અરે ઓ જમાદાર આ દુઃખમાંથી મુને છોડવો તો ઉપકાર માનીશ.

શેરમીયાં—સાલી તેરા સુંદર ચેહેરા દેખ કે હમારા રાજા લાયા હે તો તેરેકું કયું છોડદું? ફીર હમકું નોકરીમેંસે નીકાલ દેવે તબ તેરા ઉપકાર કયા કામ-આવે? ઓર બાલ બચ્યા કયા ખાવે?

કમળા—ભાઈ મને ન છોડવો તો ખેર. પણ ભુખ લાગી છે, માટે (ગળામાંથી હાર કાઢીને) આ હાર વેચીને કાંઈ ખાવાનું લાવી આપો તો સારૂં.

શેરમીયા—(હાર દેખીને) તબતો લા લા દુ (હાર લઈને) સાલીકા હારતો ઉમદા હે ચલ લા દુ એક રૂપીએકી મીઠાઈ લાઉગા, બાકી સબ રૂપીયે ખીસેમેં ધ-રૂંગા (જાતી વખત) મેં જાતા તો હું લેકીન ભાગ જાયગી તો. ચલ પુછ દેખું [પાછો વળી-ને] નહીં નહીં હાંસે કાં જાયગી !

(જાય છે ને કમળા ગદ ગદ કંઠે)

કમળા— **લલિત.**

અરર હે પ્રભુ, શું અહીં કરૂં, દુઃખ આવી પડયું, આખરે ખરૂં.

નીર ઉપાય હું, બની આજરે, ઉગરવા તણો, ન ઈલાજ રે.
અબળ જાતની, શી ગુંજાશ ત્યાં, આવી લુટે લાજ, દૂષ્ટ રાજ જય.
તે માટે ઇશ્વરા, દુઃખ વાદળું, બાંય મુજ ગ્રહી, કર વેગળું.
તુજ વીના નહી, અન્ય કો મુને, સહાય કરશે એ કહું તુને.
વિનતી માહરી, ઉરમાં લહી, કર બચાવતું, આ સમે રહી.
નહીતો રે પ્રભુ, આપઘાતથી, મરીશ આ વેળા, હુંજ હસ્તથી.
તેથી ઉર ધરી, ઓ વિભુશ્વરા, મુક્ત મને કરો, ધરણી ધરા.

(એવામાં આકાશવાણી થાય છે.)

ગીતી.

ધિરજ નહી જા હારી, સુદ્ધ સતી શીરોમણી તું નારી.
કોટ તણી રહી બારી, ખુલી છે જો નજરે તારી.

(ઉભી થઈને) ઓહો આ સમયે ધીરજ એવો શબ્દ કોના તરફથી આવ્યો ! (આસ પાસ જોઈને) અરે એતો ખાલી ભણુકારા આવે છે, [તેવામાં ફરીથી વાણી થાય છે] અરે આતો જગત નિયંતા પ્રભુ તરફથી ધીરજ ધર એવો અવાજ થાય છે (બારી દેખીને) આહા પ્રભુ મારે માટેજ ઉઘાડી મુકી છે ને શું? ચાલ ઠીક લાગ આવ્યો છે, માટે નાશી જાઉં. (ભાગી જાય છે.)

શેરમીયા—(પ્રવેશ કરીને) અરે સાલી કીધર ગઈ. બોહોત દેરતો નહીં હુઈ ઈતને મેં કાંહાં ગઈ (બારીપર નજર પડવાથી) યા અલ્લા અબ કયા કરના રૂપીએ મીલને કે હર્ષ મેં એ બારી દેનેકું ભુલ ગયા તો રંડી હયાસેં ચલી ગઈ અબ જો હોવેસો ખરા ચલ રાજાકું ખબર દેઉ. (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—કચેરી.

પ્રધાન સેનાધિપતી.

સેનાધિપતી—પ્રધાનજી આપ સમજુને મારે કહેવું યોગ્ય નથી, પરંતુ આપણો રાજા રૈયતપર અધર્મ કરે છે તે સારૂં નહીં.

વિદુષક—પ્રધાનજીના મોઢામાં જીભ ક્યાં છે નહીતો આવો કેર કરે મહારાજા આગળ જરાય બોલી તો શકતાજ નથી.

પ્રધાન—અરે તમે કહો છો, પણ કામાંધ પુરૂષનું મન સદાકાળ તેવાજ કાર્યમા ગુંથાયેલું હોય છે, માટે ત્યાં આપણી વાતચિત કોણ સાંભળે. જુવોને આજ કાલ બિચારી અબળા સ્ત્રીને કેવી ફસાવી છે.

[નેપથ્યમાં.]

પ્રતિહાર—ઘણી ખમા! નજર રખો મેહેરબાન!!

અજ્ઞાનસિંહ—કેમ સેનાધિપતી તમને કહ્યું હતું, કે કાળા ગ્રેહ ઉપર ચોકી કરવા સીપાઈ મોકલજો, તો કોને મોકલ્યો છે?

સેનાધિપતી—માહારાજ શેરમીયાંને મોકલ્યો છે, કેમકે તે આપનું ભરોંસાદાર માણુસ છે.

વિદુષક—એથી ભરોંસાદાર માણુસ કેવું કે બે પૈસા આપે કે ટપ લાંબો હાથ કરે માહારાજ મને મોકલ્યો હોત તો. તમારૂં કામ થાત પણ હવે તો આશા નિષ્ફળ ગઇ સમજવી શેરમીયાનું નામ સાંભળ્યું ત્યારથી જાણ્યું કે થઈ રહ્યું.

અજ્ઞાનસિંહ—શેનાધિપતી ચાલો તે સ્ત્રીનો તપાસ કરવા જઈએ.

વિદુષક—(શેરમીઆંને આવતો દેખીને) લ્યો આ શેરમીઆં આવ્યા તમારે જાવું મટયું.

અજ્ઞાનસિંહ—કેમ શેરમીઆં શા ખબર લાવ્યા ?

શેરમીયાં—[હાથ જોડીને] ખુદાવિંદ જો રંડીકુ કાળાગ્રેહમાં ડાલીથી સોકોનથી. ઓ મેરેકુ માલુમ નહીંથા, લેકીન જેસા ભુતકા ભડકા હોતાહે. ઈસ માફીક બનકે ચલી ગઈ પીછે કયા કરના.

અજ્ઞાનસિંહ—અરે દૂષ્ટ તે કંઈ ભૂત પરેત નોતી, ફક્ત મારૂ મન હરનાર સ્ત્રી હતી. સાચેસાચુ કહે નહીંતર આ તલવારથી તારા ટુકડે ટુકડા કરી નાખીશ.

વિદુષક—મીયાં સાહેબ ડરોછો શાગાટે સાચેસાચુ કહો. "પડયા પણ ટંગડી તો ઉંચી હે."

શેરમીયાં—માહારાજ ઓ સ્ત્રીકું ભુખ લગીથી સો મીઠાઈ લેનેકું ગયાથા, ઓર કહી નહીં ગયાથા.

અજ્ઞાનસિંહ—[ક્રોધતુર થઈને]

રાગ ક્ષત્રી કલંકનો.

અરે દૂષ્ટ બતાવ નહી મુખ, નીમક હરામી તુંતો મારોરે; ટેક.

તુને દેખી હું પામ્યો દુઃખ, નીમક૦
રાખી ભરોસેં મેં સોપ્યું કામ, નીમક૦
તો તે ઉલટું કીધુ આમ. નીમક૦
હરણું કરી લાવ્યો નાર, નીમક૦
મુજ મંન તણી પ્રાણાધાર. નીમક૦
હતી હૈયે ઘણી મુને હામ, નીમક૦
તે નિષ્ફળ ગઈરે તમામ. નીમક૦

શું મુખ લઈ આવ્યો આંય, નીમક૦
બસબસ ઉતાર દરેસ, નીમક૦
નહીં વેણુ વંદ તું લેશ. નીમક૦

બસબસ કયાં જનાર છે? (પ્રધાન પ્રત્યે) પ્રધાનજી રાજની સંભાળ રાખજો, સત્વર તેની ગોત માટે હું જાઉછું.

પ્રવેશ ૫ મો.

સ્થળ જંગલ.

કમળા— (સહીયર દુઃખ શું દાખવું-એ રાગ.

અરેરે પ્રભુ હું આવી કયાં, વીકટ વન મોઝાર;
ભયભીત અતી થાઉછું, દેખી અરણ્ય અપાર. અરેરે
ભયાનક શબ્દ પશુ તણા, સુણી હ્રદય કંપાય;
ધ્રુજે થરથર મુજ કાયરે, નહી ધીર ધરાય. અરેરે
કંટક પગમાં પેશી ગયા, રખડી રખડીને હાય;
ભુખ તરશ વેઠીવેઠી, ઉપજે વ્યાકુળતાય. અરેરે
માત પીતા જાણતા હશે, હશે પુત્રી સુખશાંત;
પણ ખબર કયાંથી હશે, છે પુત્રી દુખીઆત. અરેરે
પુર્વ તણા પાપ આસમે, મળ્યા આવીને આજ;
ત્રાસદાક દુઃખ પામીછું, સહાય કરો મહારાજ. અરેરે

(ઈશ્વરની સ્તુતિ કરે છે.)

દીંડી.

અખિલ વિશ્વનાથ હાથ ગ્રહો ગારો,
કૃપાનાથ કષ્ટ મુજ તમ સંહારો;
નીજ ભક્તનો બચાવ તું કરનારો; અખિલ.
કૃતિ તુજ તણી ન કોય કળે કાળે,

પ્રાણી માત્રને કૃપાથી જો તું પાળે;
પુન્ય પાપદૃષ્ટિએ બધુ નીહાળે. અખિલ.
આ અરણ્યવિષે નાથ અહો બાહુ,
યાકુળ વ્યાકુળ હું મનમાં ઘણી થાઉં;
ચીત વૃત્તિથી ભ્રમિત થઈ મુંઝાઉં; અખિલ.
રહું ચર્ણુ અહરનીશ ઈશ તારે,
દિનાનાથ કર દયા તું આવારે,
નહીં તુજવિના અવર મુને ઉગારે. અખિલ.

અહો દીન બંધુ જગકર્તા આમ કયાં સુધી સહન કરૂં? આ કરતા મારી જીવનદોરી તારી તરફ ખેંચી લઈ આ અઘોર દુઃખથી મુકત કર. (એટલામાં શીકારીઓ પ્રવેશ કરે છે.)

૧ શીકારી—અગે દોસ્ત એ રંડી કોન ખડી હે? દેખતો સહી ઉસકા મુખ કેસા ઝલકતા હે? સાલી ડાકણુ બાકણુ તો ન હોયગી! ચલ ઉસકી પાસ જાકર તપાસ કર લેવે.

૨ શીકારી—હમ તેરી સાથ આવે, લેકીન ઓ કોઈ ઓરત હોયગી તો ઉસકી સાથ હમ શાદી કરેંગે.

૧ શીકારી—સાલે! પેહેલે હમને બતાઈ જબ શાદી કરનેકું તૈયાર હોતા હે! લેકીન ઉસકી પાસ ચલનેકી તાકાદ તો હે નહી!

૨ શીકારી—ચલ કોન ના બોલતા હો કયા કુછ ડરતે હે? (પાસે જઈને).

૧ શીકારી—અગે રંડી કોન હો, ઓર લ્યાં કાયકું ખડી હોં

કમળા—(જરા ડરીને) ભાઈ હું દુઃખીયારી સ્ત્રી છું, મારા પતીથી જુદી પડતા આવી હાલતમાં આવી છું.

૨ શીકારી—આછા, જબ તું દુખી હે તબ તો ચલ મેરે-
ઘરમેં. તેરેકું સુખી કરૂંગા ઔર અછે અછે
કપડે પેહેરાઉંગા.

૧ શીકારી—સાલે ક્યું. તેરે ઘરમે આયગી? ઓતો હ-
મારેપર આશક હે, દેખ હમારી સુરત કેસીહે?

૨ શીકારી—વાહ ! તેરી સુરતમે કયા કહેના? જેસા ગ-
ધેકા લીંડા ! !

૧ શીકારી—અરે સાલે ? તેરા જેસા હમ નામરદ તો નહી
હે ! આ જા મેરી સામને લડના હો તો, જો જીતે
ઓ યે રંડી લે જાવે.

૨ શીકારી—હા ! જબતો આ જા સામને. (તેવામાં કમળા)

કમળા—અરે ભાઈઓ ! તમે મારા સારૂ શા માટે લડી
મરો છો. તમારા બંનેમાંથી બાહાદુર કોણ છો?

૧ શીકારી—હા ઓ બરાબર હે, દેખ તેરેકું સુનાતા હું.

રાગઈંગ્રેજી વાજાનો.

સુન રંડીમે તુજકું કહેતા, કેસા કરતા હુંમે કામ;
અહીં તહીં ભટકતા હું મેં, શેર ખબરીઆ મેરા નામ. સુન.
ઘોડા બદલે ગધા લેકર, ફીરતા સારા શેર અંદર;
ખુશી હોકર રાજા મુજકું, પગાર દેતા કોડી પંદર. સુન,
શીકાર લેને મુજકું ભેજે, જબ જંગલકે દરમ્યાન;
તબ જાકર મેં લાતા હું, બીલીકા પકડકે કાન. સુન.
લડાઈકા જો સમયે હોતા, તબ જાકર મેં ઘરમે સોઉં;
રાજા જો મુજકું ધમકાવે, તબ ખડા ખડા મેંતો રોઉં. સુન.

૨ શીકારી— **રાગ ઉપરનો.**

એ નહી બહાદુરી તેરી, દેખ હમારી કેસીહે;

મચ્છર માંકડકું મે મારૂં, ચાંચડ ચોળું એસીહે. એ.
ઉતર બુમ પડેજબ મેંતો, દક્ષણકું મેં જાતા હું;
કીતને મુવે કીતને જીતે, એ ખબર લેને આતા હુ. એ.
લડાઇ મેં સબસે સવાયા, કરતા બહાદુરીકા કામ;
શમશેર પકડ કે માંખી મારૂં, માંખ માર હે મેરા નામ. એ.

(એટલામાં અજ્ઞાનસિંહને આવતો દેખીને)

૧ શીકારી—ચલ ચલ સાલે ! દેખ સામને કોઇ રાજા આતા હે ! અપનેકું દેખેગા તો હરકત કરેગા

(ભાગી જાય છે.)

અજ્ઞાનસિંહ—(પ્રવેશ કરીને) અરે દૂષ્ટ રંડા મારા મેહેલમાંથી નાશીને કયાં જનાર છે? જાણુતી નથી કે સીંહની નજર આગળ શીયાળનું શું ગજુ છે.

કમળા—[ગદ ગદ કંઠે] અરેરે ! આપ પ્રજા પાળક થઈ, હું અબળા ઉપર જુલમ શા માટે ગુજારો છો? જરાએ દીલમાં દયાનો છાંટો છે કે નહીં? વિચારો કે સતીઓને છેડવામાં કોણે સાર કાઢયો છે?

અજ્ઞાનસિંહ—બસ બસ રંડા જલદી મારે સ્વાધીન થવું છે કે નહીં? નહીં તો જાણુ જે કે આ તલવારથી તારા ટુકડે ટુકડા કરી નાખીશ.

(ચોટલો ઝાલે છે તે વખત.)

કમળા— **ભેરવીની ગજલ.**

(ચંદ્ર મુખીને એકલી—એ રાગ,)

નહીં સતાવ અધર્મ રાજ, નિર્દય કેમ થયો અરે;
ખચીત પ્રાણુ માહરો, તજીશ હુ આ વારરે. ટેક.
પતી મારાથી મુજને, જુદી કરી ખરી મુને;

તોય હજી કેડે પડયો, નથી દયા જરા તુને. નહીં.
અવાસ તુજથી બચી, આવી નડયો પાછો અહીં;
વિચારી ઉર જોને તું, સતીને છેડે સાર નહીં. નહીં.
છે જાત ક્ષત્રી તાહરી, વણિક જાત માહરી;
ભ્રષ્ટ તારાથી થઉં, તે જઉં હું કેમ વીસરી. નહીં.

માટે હે રાજા પરસ્ત્રીને છેડવાથી કોણ સુખી થયો છે? હું કરગરીને કહુ છું કે આ વખતે મને મુક્ત કર, કે તારો ઉપકાર માનું [એટલામાં તે જગ્યોએ કસ્તુરચંદ આવી ચડે છે)

કસ્તુરચંદ—અરે ભલા ભગવાન, આતે કેવો બનાવ! છેવટ રખડી રખડીને આંહી આવ્યો, પણ કાંઇ પતો મળતો નથી. અરે પણ સ્ત્રી પુરૂષ શું તકરાર કરે છે ચાલ જોઉં તો ખરો (નજર પડવાથી) રખેને એજ હોય! અને એ સ્ત્રી મારીજ હોય! માટે ચાલ તેની પાસે જાઉં.

[પાસે જાય છે. કમળા પોતાના ધણીને ઓ-
ળખીને ભેટે છે અને કહે છે)

કમળા—અરેરે પ્રીયપતી આપથી વીખુટી પડી ત્યારથી આવી હાલતે આવી છું, અને આ દુષ્ટ રાજા મારી કેડે પડયો છે.

અજ્ઞાનસિંહ—અરે શું તારો પતી આવવાથી છોડી દઈશ? પણ આ વખતે તારો પતી મારે સ્વાધીન નહીં કરે, તો જાણજે કે તારૂ અને તારા પતીનું મૃત્યુ નજદીક આવ્યું છે.

કસ્તુરચંદ—અરે મૃત્યુ તો તારૂજ હવે નજદીક આવ્યું છે,

પણ લાચારીથી કહું છું કે આ વખતે અમારે રસ્તે જવાદે! અન્ય કોઈ જાત હોત, તો તારો પ્રાણ કયારનો નર્કમાં વાસ કરત હું વણિક જાત છું એટલે દયા આવે છે.

અજ્ઞાનસિંહ—દુષ્ટ રંડા નથી માનતી? તોલે (પીસતોલનો ભડાકો કરે છે તે અવાજ રાજા ધીરસિંહ સાંભળતા ત્યાં આવી ચડે છે)

ધિરસિંહ—સબુર, સબુર, નીર્લજ રાજા કોની ઉપર જુલમ ગુજારે છે? (તે વખતે અજ્ઞાનસિંહ હથીઆર નાખી દે છે અને કમળા બોલે છે.)

કમળા—પીતાજી! આ દુષ્ટ રાજા મારૂં હરણ કરીને પોતાના શેહેરમાં લાવ્યો હતો, પ્રભુની કૃપાથી ત્યાંથી બચી તો પાછો. આવીને મારી લાજ લુંટવા તત્પર થયો છે, પણ સારા નસીબે આપ આવીને મારી રક્ષા કરી, નહીંતર મારો તથા મારા પતીનો હમણાં જાન લેત.

કસ્તુરચંદ—હા કૃપાળુ! આ મારી સ્ત્રીની શોધ કરતો કરતો આહીં આવી ચડયો. પણ આપ ન આવ્યા હોત, તો માઠો બનાવ બનત.

ધિરસિંહ—(પ્રધાન પ્રત્યે) પ્રધાનજી આ દુષ્ટ રાજાને એકદમ પકડો? તેનો ન્યાય આપણાં શેહેરમાં કરશું, માટે આ સ્ત્રીને તથા તેના પતીને પણ સાથેજ લો?

પ્રધાન—જેવી આગ્યા હજુર [અગ્નાનસિંહને પકડીને લઈ જાય છે].

પ્રવેશ ૬ ઠો.

સ્થળ-ધારાવટીનો સીમાડો.

કેહવો-ડાયલો-માવલો.

કેહવો—એલા ડાયલા કાંઈ ખબર સે કે નઈ?

ડાયલો—સેની બાઈ?

કેહવો—આપણું છેતરની પાસે વન સેના તેમાં લુટારા આવા હતા.

માવલો—તમને કયાં ખબર સે લુટારા બુટારા તો કોઈ નોતા, પણ મારા છેતરમાં હું સાંભળતો હતો, તો કોઈ બાઈડી રોતી હતી, ને સારપાસ ભાઈડા આવીને તે બસારીને બહુ કનડતા હતા.

કેહવો—હા ખરી વાતસે. હું કીકીઆડા સાંભળતો હતો.

ડાયલો—તારે તું જોવા કેમ નો ગયો?

કેહવો—જોવા સુ જાઊં મારા ચોરણામાં તો હું મુત્રી ગયો!

માવલો—હવે સાલો સાલો. તે બાઈડીને આપણા ગામમાં લઈ ગયા હશે. તો આપણે જો સું. (જાયછે)

પ્રવેશ ૭ મો.

સ્થળ-ધિરસિંહ કચેરી.

પ્રધાન-સેનાધિપતી-નગરશેઠ-પછીથી રાજા.

સેનાધિપતી—પ્રધાનજી કાલે તો કયાં સુધી ફરવા ગયા હતા?

પ્રધાન—ફરવા ગયા પણ બહુ દુર જઈ ચડ્યા, અને એક

પાસેનું જંગલ હતું, ત્યાં જઈ ચડ્યા તો કોઈ એક રાજા સ્ત્રીપર જુલમ ગુજારતો હતો, તેને બાંધી સ્ત્રી સહીત અહીં લાવ્યા છીએ, તેનો આજે ન્યાય થવાનો છે-

નગરશેઠ—તે સ્ત્રી આપના જાણવામાં છે? અને તે કોણ હતી,

પ્રધાન—ના ના તે તો કાંઈ જાણવામાં નથી. (નેપથ્યમાં)

પ્રતિહાર—ધિરસિંહ મહારાજને ઘણી ખમા નીગાહ રખો મેહેરબાન!

ધિરસિંહ—પ્રધાનજી કાલે જે સ્ત્રીને તથા રાજાને લાવ્યા છીએ તેને બોલાવો?

પ્રધાન—(સીપાઇને) સીપાઈ?

સીપાઇ--આજ્ઞા સરકાર.

પ્રધાન—કાલે પકડી લાવેલા માણુસને હાજર કર?

સીપાઈ—બહુ સારૂ સાહેબ. (જઇને તેઓને લાવે છે)

નગરશેઠ—(ઉભા થઇને) પુત્રી તું અહીંયા ક્યાંથી, શું તારા આવા હાલ! હું જાણુતો કે તું સુખી હઈશ!

કમળા—હા પીતાજી, સુખ તો સરવે મારા મનમાંજ છે.

ધિરસિંહ—અહો નગરશેઠ! તે આપની પુત્રી થાય છે, અને તેને માથે આવું દુ:ખ!!

નગરસેઠ—હા માહારાજ આ દીકરી મારી છે. અને આવી હાલતમાં જોઈ મને અતી દીલગીરી થાય છે.

ધિરસિંહ—શેઠ ગભરાઓ નહીં [કમળા પ્રત્યે] નગરસેઠની પુત્રી તે મારીજ પુત્રી છો, માટે જરાએ અંદેસો નહીં લાવતા તારા દુ:ખનું વૃતાંત કહી બતાવ, જેથી આ દૂષ્ટને શીક્ષા કરૂં.

નગરશેઠ--હા મારી વિવેકી પુત્રી જેવી વીતી હોય તેવી

સંભળાવ? છાતી ભરાઈ આવે છે એટલે વધારે
બોલી શકતો નથી.

કમળા—(શેઠ સગાળશા સાધુને સેવે—એ રાગ.)

મુજ વીતી હું કહું પિતાજી, શ્રવણ કરોને આજ;
જે શીર મારે દુઃખ પડયું તે, વીદીત કરૂં માહારાજ. મુજ૦
સાસરવાસથી તેડુ આવ્યું, હરખી હૃદય મોઝાર;
સુખનો સુર્ય ઉદય થયો મારો, જાણ્યું મેં તે વાર. મુજ૦
વેગે જઈ પોહોંચી પીયુની પાસે, આણી ઉલટ મન માંય;
નાથ અવાસે ગઈ તે વારે, ધિક્કારી મુંને ત્યાંય. મુજ૦
તે વારે મનમાં ખેદ હું પામી, શું આમ કરે ભરથાર;
વાંક હશે શું એવોજ મારો, ક્રોધે થયા અપાર. મુજ૦
ઉર વિચાર્યું તેવેજ ટાણે, જાઉં ગુણીકા દ્વાર;
વેહેમ પતીનો દૂર કરૂં જઈ, ખરી હઉં જો નાર. મુજ૦
ગુણીકા અવાસે મેં તો જઈને, જોઈ ઘણાં દીન વાટ;
ભોગ જોગે ત્યાં આવી મળ્યા કંથ, ઈશ્વરે ઘડયો ઘાટ. મુજ૦
હર્ષની સાથે અમો હતા, એટલે આવ્યો આરાજ;
નાથ મારા ને મારજ મારયો, લઈ જવા મુજ કાજ. મુજ૦
ત્યાંથી ઉપાડી લાવ્યો પોતાનો, જ્યાં હતો વીશ્રામ;
લાજ લેવા તત્પર થયો મારી, બાળાત્કારે તે ઠામ. મુજ૦
કરગરી કહ્યું તોય ન માન્યો, નાખી કાળાગ્રહે કેદ;
મુક્ત થવાનો માર્ગ મળે નહીં, ઉલટી પામી ખેદ. મુજ૦
પરમ કૃપાળુ જગદીશ્વરે, જાણી મહારી દયાય;
નીકળી જા તું આ બારીથી, એવી થઈ વાણી ત્યાંય. મુજ૦
પછી રખડતી આવી જંગલમાં, ભુખ તરશ વેઠી;
થાકી ગયાથી આરામ લેવા, વૃક્ષ તળે બેઠી. મુજ૦
પ્રભુનું સ્મરણ કરતી તેવામાં, આવ્યા શીકારી બેય;

ફાળ પડી મુંજ પેટમાં જાણું, કરશે વળી શું તેય. મુજ૦
એ સમે ફરી આવ્યો આ રાજા,નાઠા શીકારી તે વાર;
ચોટલો ઝાલી મુને ધમકાવી, દયા ધરી ન લગાર. મુજ૦
બંદુક તણો અવાજ સુણીને, આવ્યા કૃપાળુ તાત;
નહીંતર મારી દૃષ્ટ રાજા, આ કરત તેજે ટાણે ઘાત. મુજ૦

નગરશેઠ—અરેરે પુત્રી ! શું તારે માથે આવું દુઃખ?

કુમળા—હા પીતાજી.

ધિરસિંહ—(અજ્ઞાનસિંહ પ્રત્યે) અરે દૃષ્ટ, ચંડાળ, નિરલજ, આ બીચારી અબળા ઉપર આવું દૃઃખ વરતાવતા તને જરા પણ દયા ન આવી.

અજ્ઞાનસિંહ—[**હસ્ત જોડીને.**]

(જાતાહું કેદખાનેમેં એ રાગ.)

જો ચાહો સજા દયો મુજે, ઇનકાર નઈ કરૂં;
ઈનકાર નઈ કરૂં હું રાજા, લગીરના ડરૂં. જો૦
ગુનેગારછું હું તમારો, જાણો રે ભુપાળ;
કામાંધ થઈ આ સતીને, દુઃખ દીધું કૃપાળ. જો૦

મહારાજ, મેં મારા કામાંધ પણામાં આ બાઈ ઉપર જુલમ ગુજારયો, તે આ વખતે માફી માગું છું.

ધરસિંહ—(કમળા પ્રત્યે) પુત્રી આ ચંડાળ રાજાને શીક્ષા કરવામાં શું તારો અભીપ્રાય છે? કેહેતો આ શમશેર વતી તેનું મસ્તક જુદુ કરૂં.

કમળા—પીતાજી કહું તે માન્ય રાખશો.

ધિરસિંહ—હા પુત્રી, તું ઉચાર કર એટલીજ વાર છે.

કમળા—પીતાજી હું ગમે તેમ પણ રૈયત છું અને તે રા-

જા છે, એટલે મારા પીતા સમાન ગણું છું મા-
ટે તેને મુક્ત કરો. એવી મારી વિંનતી છે.

ધિરસિંહ—વિચાર કર ચંડાળ? આ વખતે બંધનથી મુક્ત
કરૂં છું. [પ્રધાન પ્રત્યે] પ્રધાનજી એને મુક્ત
કરો.

અજ્ઞાનસિંહ—(છુટો થઇ કમળાના ચરણમાં શીશ નમાવી)
ને હે સતી આજથી તુને મારી બેન તરીકે ગ-
ણું છું અને તારા ઉપર કરેલા જુલમની માફી
માગુ છું.

ધિરસિંહ—[કસ્તુરચંદને] શેઠ તમે કોણ છો, અને ક્યાં
રહો છો?

(તે નહી બોલતા કમળા બોલે છે)

કમળા—માહારાજ ! તે મારા પતી છે.

કસ્તુરચંદ—હા માહારાજ ! કોઈના ભરમાવ્યાથી તેના ઉપ-
ર વેહેમ નાખ્યો હતો પણ વિચાર કરયાવિના
આ સાહસકામ કરયું તેને માટે હું પશ્ચાતાપ
કરૂં છું.

ધિરસિંહ—[સભાપ્રત્યે] સભાજનો! જે લોકો પોતાના જ્ઞા-
ન ચક્ષુ ઉઘાડયા વિના આવા સાહસ કામ કરેછે
તેને પાછળથી પસ્તાવો થાય છે. [નગરશેઠ પ્રત્યે]
નગરશેઠ આપની પુત્રીનું વૃત્તાંત સાંભળીને ઘણો
દીલગીર થયો છું, પણ તેના સારા નસીબે તે
બંનેના પુન.સંયોગને માટે આજનો દીવસ ર-
ળીયામણો સમજી, શંકરની સ્તુતિ કરી સભા વી-
સર્જન કરીએ, એવો મારો હેતુ છે.

સર્વ મળીને— **લાવણી.**

(સનમ સણીરી રૂઠ ગયા હે—એ રાગ.)

ત્રિપુરારી શીવ મોરારી, નમ્ર વાક્ય લ્યો ઉરધારી;
કરૂણાં કરી આ બાળ ઊપરે, ભોળા શંભુ આવારી.
મહાદેવ મરજી તારીથી, થાય કામ સર્વે કેરા;
જીભે કરી ગુણ ગાયે સહુજન, કરો સફળ તેના ફેરા.
વિનય વાણી મુખથી ઉચરીએ, કુચાલ ચાલ હમારી ટાળ;
ઠરી બેસીએ આપ કૃપાથી, મતી ભલેરી દ્યો તત્કાળ.
લજ્જા રાખ આ બાળ સર્વની, શીશ નમાવે સર્વ મળી.
તમો હાથ શીર જેને થાપો, તેના દુઃખતો જાયે ટળી.
થાય પુર્ણ સૌ કામ હમારા, એવી અર્જ અમે કરીએ;
રેમ હમેશાં રાખો અમપર, કોપ થકી સદા ડરીએ.
હે કૈલાસી વિનતી કરીએ, લક્ષે ધરો ઉમીયારે પતી;
માહારાજ કર કૃપા અમોપર, સુધરે જેથી દુર્મતી.
નહીં અન્યકો આપ સમાન, પાય પડીએ શીશ નમી;
રાખીએ ઊર તમ ભક્તીમાં, અહરનીસ અંતર જામી.
યથા મતી સ્તુતિ અગારી, લીચક્ષુ સ્વિકારી લે,
મહેશ્વર મનગમતા કાર્ય, સિદ્ધ થાય મતી એવી દે.
લહી નામ રહેજ તમારૂં, સફળ થાય સૌ તેના કામ;
રક્ષા કરો નીસદિન સદાશીવ, માગે મળીને પાત્ર તમામ.

(ખેલની સમાપ્તી બાદ પાત્રજન સભા પાસે માફી માગે છે)

સર્વ પાત્રો— **કલ્યાણ.**

શ્રી જગતનાપતી એ રાગ.

હે સભાજનો, જોયો પુર્ણ ખેલ આજ;
અવર તસ્દી લઈ પધારો, આર્યજન સમાજ. ટેક.
કમળા દુઃખ દર્શકની માંહે, ચુક અમારી હોય.

માફ માગવા અર્જ કરીએ, સુજ્ઞ સુધારી લેય; હે૦

સાહસ કામ કરો નવ કદી, ભાઈઓ વીણ વીચાર.

એહવા સાર દેશી મિત્રોને, બતલાવ્યો ચીતાર. હે૦

પાત્ર તણી વિનતી એ છે, આર્ય ગૃહસ્થની પાસ.

અન્ય વખત કૃપા કરીને, દરશન દેશો ખાસ. હે૦

સમાપ્ત

અગાઉથી આશ્રય આપનાર સાહેબોના નામ બુકસાથે અમર કરૂં છું.

ભાવનગર.

૫૦૦ મોદી મગનલાલ જેચંદ.
૧૨૫ શા. પુરૂષોતમ ગીગાભાઈ.
૧૨૫ શા. પાનાચંદ તેજાભાઈ. બુકસેલર.
૧૦૦ ઠ. પ્રાણજીવન હરખજી. ,,
૨ ગરાસીયા માધવસંગ રામાભાઈ.
૨ ઠા. પીતાંમર કુબેર.
૨ પટેલ. શામજી નારણદાસ.
૨ ગરાશીયા. અમરસંગ રતનસંગ.
૨ ભટ. મગન વિ. રગનાથ.
૨ શા. સવાઈલાલ માધવજી.
૨ હરગોવીંદ મોતીલાલ.
૨ મેતા. ચુનીલાલ નાગજી.
૧ શા. લલુ ફતેચંદ.
૧ શા. ત્રીભોવન રામજી.
૧ શા. મણીલાલ રામજી.
૧ શા. માનચંદ જીવણ.
૧ ઠા. દામોદર દીયાળ મશાલાવાળા.
૧ શા. ગીરધર ગોપાળજી.
૧ પટેલ. હીરાલાલ ભગવાન.
૧ મણીયાર નરસીદાસ નાગરદાસ.
૧ વાળંદ હરી કાલા.
૧ પટેલ મોહન જેઠા.

૧ શા. પીતામર વેલચંદ.
૧ મેતા લખમીચંદ રત્નજી ઘીવાળા.
૧ શા. મગન કાળીદાસ ગંધીયાણુંવાળા.
૧ વાળદ વાલજી ઓધવજી.
૧ ઠા. ગોવીંદજી પરસોતમ રેલવેના ગેટમેન.
૧ ઠા. મોતી ઝવેર.
૧ શા. પરભુ ફુલચંદ.
૧ સોની નારણ નથુ.
૧ મીસ્ત્રી માધવજી જેઠાદાસ.
૧ ખવાસ રણછોડ કેશર.
૧ ખવાસ કરશન ટીડાભાઈ.
૧ ઠા. જીવણ કલાણજી. ઘડીયાળી.
૧ શા. છબીલ ભગવાન. કારકુન.
૧ હજામ છબીલાલ જમાલ હકીમ.
૧ હજામ દાદૂ કાશમ કસબાતી.
૧ હજામ અલી મામદ.
૧ મેતા નરોતમદાસ વીરજી બી. જી. જે. પી. રેલવેના કારકુન.
૧ પંડીત ભગવાન સખારામ.
૧ પંડયા વલભજી મુળજી.
૧ બક્ષી ગીરધર કેશવજી.
૧ પટેલ જેઠાલાલ દેવકરણ.
૧ શા૦ લવજી રામજી.
૧ સીપાઈ કાલુ મલેક.
૧ જમાદાર ભીખન હમીર.
૧ મી૦ ગગુજીભાઈ ઘડીયાળી.
૧ સીદીમહમદ અમદભાઈ.

૧ જમાદાર શેખહસનભાઈ જમાલભાઈ.
૧ સેખ. અબદુલ રેહેમાન બીન અબદલા શમત.
૧ શા. વનમાળી છગનલાલ.
૧ ઠકર. દુલભજી હેમરાજ ગાંધી.
૧ ઠકર. ત્રીભોવન પ્રધાન.
૧ ત્રવાડી. છગનલાલ અંબાશંકર.
૧ ,, રેવાશંકર હરીશંકર રેલવેના મારકર.
૧ રા. પ્રાણજીવન મુળજી. રેલવેના ફોરમેન.
૧ પટેલ. મુળજી,
૧ મીઆંભાઈ દાદુવલીભાઈ.

બોટાદ.

૧ વકીલ પ્રેમજી જીવણભાઈ.
૧ ગાંધી લવજી ઓધવજી વહીવટદારની કચેરીના કારકુન.
૧ રા૦ ત્રીભોવન નાગર.
૧ રા૦ હીમતલાલ માણેકલાલ કંપાઊંડર.
૧ રા૦ નાનાલાલ ઓઘડ.
૧ મેરઈ ગોવીંદ રધા.
૧ રા૦ કુબેર ભગવાન ન્યાય કોર્ટના કારકુન.
૧ રા૦ ત્રંબકલાલ કેશવલાલ.
૧ દોશી હીમતલાલ હીરાલાલ.
૧ રા૦ ગગા રૂપા.

જેસર.

૧ રા૦ ભગવાનદાસ પરભુદાસ દવાખાના દાક્ટર.
૧ વોરા મુલ્લાજી આદમભાઈ.
૧ દોશી લાલચંદ કાળા.
૧ મેતા ત્રીભોવન ભગવાન

૧ ખોજા દેવી રામજી.
૧ રા૦ વીરજી લીલા.
૧ દોશી જુઠા નેમા.
૧ કોઠારી પરશુદાસ જેઠાભાઈ.
૧ રા૦ માવજી લાધા.
૧ રા૦ ઠાકરશી ગીગા.
૧ રા૦ દેવરાજ કડવા.
૧ રાવ ખીમચંદ ગોપાળજી.

સીહોર.

૨ દવે વેણીરામ વિ૦ કાશીરામ.
૧ મેતા વૈકુંઠલાલ માધવજી.
૧ દવે નરભેરામ હરજી.
૧ ભટ જદુરામ દુલભજી.

મામસા.

૧ મેતા વસરાજ ભગવાન.

માલપર.

૧ મેતા નરશી ભગવાન.

ધ્રાગધ્રા.

૬ શા૦ લલુ કસ્તુરચંદ ધીવાળા.

ઓાચડવું.

૧ ગાંધી જેઠા એચર.

નારી.

૧ જોશી પીતામ્બર મોતી.

જાહેર ખબર

મારી બનાવેલી ચોપડીઓ ભાવનગરમાં નીચેને સીરનામે રોકડી કીંમતે વેચાતી મળશે.

૧	પ્રતાપસિંહ રાઠોડ અને રૂપસુંદરી નાટક.	કી. ૦—૬—૦
૨	કમળા દુઃખદર્શક નાટક.	કી. ૦—૫—૦
૩	મીસતર ફુલભુજનો ફારસ.	કી. ૦—૪—૦
૪	બાબુદીપુરીનો રમુજી ફારસ.	કી. ૦—૧—૦

ઝાલા નાગભાઈની ડેલી પાસે મુરશી રહેમાન રસમાલ પાસેથી વેચાતી મળશે.

વોરાશેરીમાં શેઠના ડેલામાં શા૦ તારાચંદ પાનાચંદ આગીયાણીવાળા પાસેથી મળશે.

પટેલ મોતીલાલ નાથાભાઈ કણબીવાડમાં નં. ૧૦૪ બુકસેલર મોદી મગનલાલ હેમચંદ પાસેથી તથા ઠક્કર પ્રાણજીવન કરપાજી પાસેથી તથા બુકસેલર ફતેચંદ નેનભાઈ પાસેથી તેમજ બુકસેલર શા૦ પુરૂષોત્તમ જીગાભાઈ પાસેથી મળશે.

લી૦ ઠકર ત્રીકમજી વિઠલદાસ માવાણી.

મુરશી જકાતના હેડક્લાર્ક.

ઠેકાણું બાવાજી કલ્યાણજીના ડેલામાં.

ભાવનગર.